




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૭-૧૧-૨૦૨૪ બુધવાર


# અવધ ટાઇમ્સ


ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ કારતક વદ ૧૨ વર્ષ : ૩૦ અંક ૮૨


## નાવલી નદી ઉપર રિવરફ્રન્ટનું કામ શરૂ કરવામાં આવતા તંત્ર દ્વારા તૈયારીઓ

# કુંડલામાં રિવરફ્રન્ટનાં દબાણો હટાવવા ૧૫ દિ’ની મહેતલ

**હદની માપણી કરી ડીમાર્કેશન કરવામાં આવેલ છે અનઅધિકૃત દબાણ હોય તો ખુલ્લુ કરવા તાકિદ**

**જો સ્વૈચ્છિક દબાણ હટાવવામાં નહીં આવે તો ફોલ્ટ અને પરિણામની જવાબદારી જે તે આસામીની રહેશે**

**આસામીઓ દ્વારા આધાર પુરાવા રજુ ન થાય તો ૧૬ ડીસેમ્બરે દબાણ ખુલ્લુ કરવા કાર્યવાહી કરાશે**

**સાવરકુંડલા નગરપાલિકા દ્વારા જાહેર નોટીસ બહાર પાડી શહેરીજનોને દબાણ અંગે કરાયેલી તાકિદ**

અમરેલી,

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા જાહેર નોટિસ બહાર પાડવામાં આવી હતી જેમાં ઉલ્લેખ કર્યો હતો કે આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સાવરકુંડલા નગરપાલીકા વિસ્તારમાં આવેલ નાવલી નદી ઉપર રીવરફ્રન્ટનુ કામ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સરકારશ્રીના માપણી વિભાગ દ્વારા નાવલી નદીની માપણી કરી હદ અંગેના ડીમાર્કેશન કરવામાં આવેલ છે. સદર પ્રોજેકટ અંતર્ગતની નાવલી નદીની જમીનમાં જે કોઈ આસામીઓ દવારા કોઇપણ પ્રકારનુ બિનઅધિકૃત દબાણ

(અનુ. પાના નં.૩)

## અમરેલી જિલ્લામાં વિવિધ વિકાસ કામો બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત

**જિલ્લામાં વિવિધ વિકાસકામો બદલ ધારાસભ્યો સહિતે ખુશી વ્યક્ત કરી**



અમરેલી,

ગાંધીનગર ખાતે અમરેલી જિલ્લાને વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપવા બદલ સાથી ધારાસભ્યો સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી આભાર વ્યક્ત કર્યો હતો.

## અમરેલી પાલિકા સામે પ્રાદેશીક કમિશ્નરમાં અવિશ્વાસની દરખાસ્ત



અમરેલી નગરપાલિકામાં સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત સાથે રજુઆત કરી હતી. ભાવનગર ખાતે પ્રાદેશિક કમિશ્નરશ્રીને અવિશ્વાસ ની દરખાસ્ત અમરેલી નગરપાલિકાનાં સભ્યોએ રજુ કરી હતી.

### અનેક લોકો ખાનગી વાહનોમાં સુરત, અમદાવાદ જવા મજબુર બને છે

## વડિયાને લાંબા અંતરની ટ્રેનો આપો

**ટ્રેન મળે તો લોકોને મોટો ફાયદો થઈ શકે પણ પ્રયત્નનો અભાવ !**




વડિયા, (ભીખુભાઈ વોરા)

અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ના આસપાસ ના ગ્રામીણ વિસ્તાર વિકાસ અને ઉદ્યોગો વિહોણો હોવાથી ઘણા વર્ષોથી લોકો દિન પ્રતિદિન સ્થળાતર કરતા જોવા મળ્યા છે અને અનેક પરિવારો આ રોજગારી વિહોણા પછાત વિસ્તાર માંથી હાલ સુરત, અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, વલસાડ, વાપી, મુંબઈ સહિતના વિસ્તારો માં રોજગારી અર્થે સ્થળાતરીત થઈ ત્યાં વસવાટ શરુ કર્યો છે. આ પરિવારો ના વડીલો અને અન્ય લોકો હાલ આ વિસ્તાર માં વસવાટ કરે છે તેમની ખેતી અહીં હોવાથી રોજની અનેક બસો આ વિસ્તાર માંથી સુરત અને અમદાવાદ જેવા શહેરો માં રોજ જાય છે ત્યારે ભૂતકાળમાં વડિયા માં રેલવેની મીટર ગેજ સુવિધાઓ હોવાથી ફક્ત એક જ ટ્રેન જેતલસર ઢસા ચાલતી હતી હાલ આ રેલવે ટ્રેક બ્રોડગેજ અને ઈલેક્ટ્રિક બનતા હવે અહીંથી અમદાવાદ, સુરત, મુંબઈ સહીત ની અનેક મોટા નાગરોને ટ્રેન

(અનુ. પાના નં.૩)

### પાલિકા દ્વારા પ્લાસ્ટિક ઝુંબેશ દરમિયાન

## સાવરકુંડલા પાલિકાએ ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યુ

**ટીમ દ્વારા વેપારીઓ પાસેથી રૂા. ૧૪૦૦નો દંડ વસુલાયો**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલા નગર પાલિકાએ ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું ટીમ દ્વારા વેપારીઓ પાસેથી રૂા. ૧૪૦૦નો દંડ વસુલાયો છે. સાવરકુંડલા


(અનુ. પાના નં.૩)

### તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરતા આપેલી હૈયાધારણા

## લીલીયામાં ભુગર્ભ ગટર પ્રશ્ને ખાત્રી અપાતાં ૧૦ દિવસમાં કામ શરૂ થશે

**એક મહિનામાં જો કામ ન થાય તો આંદોલન : શ્રી નિતીન ત્રિવેદી**

લીલીયા, (મહેશદવે) લીલીયાની તાલુકા પંચાયત ખાતે ટીડીઓને તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવીયા, મહામંત્રી નિતિનભાઈ ત્રિવેદી, રમેશભાઈ પરમાર અને તાલુકા પંચાયત સભ્યોશ્રી વિજયભાઈ કગથીયાએ ગટર પ્રશ્ને રજુઆત કરી હતી, અને તેમણે ૧૦ દિવસમાં ગટરની કામગીરી શરૂ કરવા ખાત્રી આપી હતી. અને કોંગ્રેસે ઉપવાસ આંદોલન ન કરવા વિનંતી કરી હતી. તેથી એક મહિનો આંદોલન સ્થગિત કરેલ છે. જો ગટરનું કામ શરૂ ન થાય તો ફરી આંદોલન કરવા કોંગ્રેસ મહામંત્રીશ્રી નિતીનભાઈ ત્રિવેદીએ ચીમકી આપી અને ટીડીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કર્યાનું જણાવ્યું છે.



















## અમરેલીનાં જાણીતા ડો. અશોક પરમારનાં પાયલોટ પૂત્ર ચિ. નિસર્ગનો જાજરમાન લગ્ન સમારોહ યોજાયો

# ડો. અશોક પરમારનાં સુપૂત્ર ચિ. નિસર્ગનાં શુભ વિવાહ સંપન્ન

**પ્રખ્યાત ફિઝીશ્યન ડો. અશોક પરમાર (બિમ્સ આસ્થા હોસ્પિટલ) તથા દિપીકાબેન પરમારનાં સુપૂત્ર ચિ. નિસર્ગના શુભલગ્ન ચિ. વૈષ્ણવી સાથે રંગેચંગે સંપન્ન થયાં**

**શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી કૌશિક વેકરિયા, સાંસદશ્રી સુતરિયા, શ્રી કાકડિયા, શ્રી ઉંઘાડ, શ્રી ઠુમ્મર, શ્રી નારણભાઈ કાછડિયા, શ્રી સોજીત્રા, ડો. કાનાબાર સહિતની ઉપસ્થિતિ**



અમરેલી, અમરેલી જીલ્લાના પ્રખ્યાત ફિઝીશ્યન ડો. અશોક પરમાર (આસ્થા હોસ્પિટલ) તથા દિપીકાબેન પરમારનાં સુપૂત્રચિ. નિસર્ગનાશુભલગ્નચિ. વૈષ્ણવી સાથે રંગેચંગે યોજાયો હતો. આ લગ્ન સમારોહમાંઈફકોનાચેરમેનદિલીપભાઈ સંઘાણી, ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારીના ધારાસભ્ય જે.વી.કાકડિયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, પૂર્વસાંસદ વિરજીભાઈ ઠુમ્મર, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, માર્કેટ યાર્ડના પૂર્વચેરમેન પી.પી.સોજીત્રા, જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. કાનાબાર, આઈ.એમ.એ.ના પ્રેસિડેન્ટ ડો. જી.જે.ગજેરા, ડો. એસ.આર. દવે, નિવૃત અધિકારીઓ ભાસ્કરભાઈ ભટ્ટ, ડી.એમ.બૂચ, શીતલ ઈન્ડસ્ટ્રીઝનાં ભુવા બ્રધર્સ, જીલ્લા ભાજપનાં દિપકભાઈ વઘાસિયા, મેહુલભાઈ ધોરાજીયા, જીતુભાઈ ડેર, ધીરૂભાઈ રૂપાલા, શરદભાઈ ધાનાણી તેમજ શહેરનાં પ્રતિષ્ઠિત આગેવાનો, વેપારીઓ, ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના ડોક્ટરો, પેરામેડિકલ સ્ટાફ સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, મહેમાનોએ ઉપસ્થિત રહી નવ યુગલને આશિર્વાદ પાઠવ્યાં હતાં. મંડપ મુહૂર્તમાં મુંબઈનાં પ્રખ્યાત ખાંડેકર બ્રધર્સની મ્યુઝિકલ ઈવેન્ટમાં મિત્રો મન મૂકીને ઝુમ્યા હતાં. રિસેપ્શનમાં સિંગર એજાઝ આરબે મહેમાનોને મોજ કરાવી હતી. ડો. પરમારે સત્કાર સમારંભમાં સ્નેહી-સ્વજનોની કોઈપણ પ્રકારની ભેટ સોગાદ, ચાંદલા સ્વરૂપે રોકડ રકમ જ નહીં ફૂલ કે બુકે પણ નહિ સ્વીકારી નવ દંપતિને લાગણીરૂપે માત્ર શુભાશિષ આપવાનું કહી નવો ચીલો ચાતર્યો હતો. નવ પરણિત પાઈલટ યુગલ નિસર્ગ-વૈષ્ણવીએ મંચ પરથી મેદાનમાં આવી આમંત્રિતોના આશિર્વાદ લીધાં હતાં. ડો. પરમાર પરિવાર સાથે ડો. રાજુ કથિરિયા, ડો. પિયુષ ગોસાઈ, જીતભાઈ દેસાઈ, તેજસ દેસાઈ, મુકેશ પંચાલ, વનરાજ પટેલ, બિપીનભાઈ ગાંધી, જગત ગાંધી, ડો. પંકજ ચાવડા, ડો. હર્ષદ રાઠોડ, અમિત કાકડિયા, મનિષભાઈ દવે, પરેશભાઈ ગોરડિયા, પ્રવિણભાઈ પરમાર, રાજુભાઈ વિરડિયા, વિપુલ ભટ્ટીએ આતિથ્ય સત્કાર કર્યો હતો.

### સગાસ્નેહીઓ અને પરિવારજનોનાં અનેરા હરખ સાથે

## ધારીના વાઘાપરામાં સોલંકી પરિવારમાં લગ્નોત્સવ યોજાયો

**શ્રી કાકડીયા, શ્રી જીતુભાઈ જોષી, શ્રી મનસુખભાઈ ભુવા, શ્રી ઘનશ્યામભાઈ હિરપરા, શ્રી પરેશભાઈ પટ્ટણી સહિતની ઉપસ્થિતિ**



ધારી,

ધારી લોહાણા મહાજનવાડી ખાતે ધારી વાઘાપરા યુવા આગેવાન કોળી સમાજ લાખાભાઈ બટુકભાઈ સોલંકી ગૌરૈયાના ભત્રીજીના લગ્ન તા, ૨૩/૧૧/૨૦૨૪ ધારી વાઘાપરા અસૌ, રુપાબેન સુભાષભાઈ સોલંકીની દિકરી વાઘાપરાના ચિ પાયલ સોલંકી સંગ ચિ અજય રાણાવડીયા (આર્મીમેનમેન) સ્વ કાતુબેન સ્વ રાજુભાઈ રાણાવડીયા જરપરા પુત્રના શુભ લગ્ન પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્યશ્રી જેવિ કાકડીયા, જીતુભાઈ જોષી પ્રમુખ ધારી તાલુકા ભાજપ, પુર્વ ધારાસભ્ય શ્રી મનસુખભાઈ ભુવા, ઘનશ્યામભાઈ હિરપરા, ભુપતભાઈ વાળા, પરેશભાઈ પટણી, હર્ષદભાઈ રાવલ, ફિરોઝભાઈ ઈસબજી, ઈમરાનભાઈ પરમાર, રમેશભાઈ બી મકવાણા, નાગજીભાઈ બારૈયા, વગેરે આગેવાનો એ ખાસ લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગે શુભ આશીર્વાદ વર કન્યા ને આપેલ હતા આમંત્રિત મહેમાનો ને મિઠો આવકાર આપેલ હતો.

## અમરેલીમાં ધર્મજાગરણ સમન્વય બેઠક મળી

**અમરેલી શહેર પ્રમુખ લક્ષ્મણભાઇ બગડાનું સન્માન : શ્રી ભીખુભાઇ અગ્રાવત, હાર્દિકગીરીબાપુ સહિતની ઉપસ્થિતિ**



અમરેલી,

તા. ૨૪/૧૧/૨૪ના રોજ નાગદેવતા મંદિર ખાતે ધર્મજાગરણ સમન્વય બેઠક યોજાઈ ગયેલ .બેઠકમાં આગામી વર્ષ ના કાર્યક્રમો માટે ચર્ચા કરવામાં આવેલ આગામી વર્ષમાં સંતશ્રી રવિદાસજી જન્મ જયંતિ, ભારતમાતા પુજન, પોથીપુજન, પરીયોજના અર્તગત કાર્યક્રમો તથા જિલ્લાબેઠક, પ્રવાસ તાલુકા સંગઠન અંગે ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમમાં સંત શિરોમણીગુરૂ શ્રી રવિદાસ વિશ્વમહાપીઠના અમરેલી શહેરના પ્રમુખ તરીકે શ્રી લક્ષ્મણભાઈ બગડાની નિયુકતી થતા તેમનું રૂદ્રાક્ષની માળા પહેરાવી તેમનું સન્માન કરવામાં આવેલ આ બેઠકમાં વિભાગ સંયોજા શ્રી ભીખુભાઈ અગ્રાવત, જિલ્લા સાંસ્કૃતિક પ્રમુખ મહંતશ્રી હાર્દિકગીરીબાપુ જિલ્લા પ્રમુખ સંત શિરોમણીગુરૂ શ્રી રવિદાસ વિશ્વમહાપીઠના શ્રી જીજ્ઞનેશભાઈ દાફડા તથા જિલ્લાના શ્રી વિવેકભાઈ દવે, શહેર સંયોજક અંકુરભાઈ માવદીયા વગેરે ઉપસ્થિત રહેલ તેમજ વિશ્વમહાપીઠ સંતશ્રી રોહિદાસજી વિશે માહિતી તથા તેમના ચાલતી સેવાઓ વિશે જાણકારી મેળવવમાં આવી આવનારા સમ યમાં હું આ દેશનો નાગરીક છું. કાર્યક્રમ વિશે તેમજ સમરસતા સમાજમાં પ્રસ્થાપીત થાય તેવા દરેક સમાજને સાથે લઈ કાર્યક્રમો કરવામાં આવશે.

## ભાવનગર દહેજ વચ્ચે પુલનું કામ કરવા માંગ

ભાવનગર, ભાવનગર દહેજ વચ્ચે ૩૦ કિમીના દરિયા ઉપરના પુલનું કામ તાકીદે કરવા શ્રી ધર્મેન્દ્રભાઈ પરમારે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. અને જણાવ્યું છે કે, આ પુલ બનાવવામાં આવે તો પાંચથી ૬ કલાકમાં સમય ઓછો થશે. અને ડિઝીલ ખર્ચ ઘટી જશે. ટ્રાફિકનું ભારણ ઘટશે, અને લોકો સુરતમાં જીવંત સંપર્કમાં રહી શકશે. તેમ શ્રી રાજકુમાર સમક્ષ રજુઆત કર્યાનું રાજુલાના ધર્મેન્દ્રભાઈ પરમારે જણાવ્યું છે.

### -:: જાહેર નોટીસ ::-

**સાવરકુંડલાના મહે. મોટર એક્સિડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ (ઓકઝી.) સાહેબની કોર્ટમાં મુકામ : સાવરકુંડલા**

એમ.એ.સી.પી.નં. : ૬૧/૨૦૨૦
મુદત તારીખ : ૧૭-૧૨-૨૦૨૪
અરજદારના વકીલશ્રી : એમ.જે.સૈયદ

ગુજરનાર મુબશીરા રફીકભાઇ જાદવના કાયદેસરના વારસો અને પ્રતિનિધીઓ (૧) રફીકભાઇ રસુલભાઇ જાદવ ઉ.વ.આ. ૪૨, ધંધો નોકરી (૨) હસીનાબેન રફીકભાઇ જાદવ ઉ.વ.૩૨, ધંધો ઘરકામ, રહે. સાવરકુંડલા ઠે.બીડી કામદાર સોસાયટી, કે.કે.હાઇસ્કુલ સામે, સાવરકુંડલા............... અરજદાર

વિરૂધ્ધ........................................

વાહન ટોરસ ટ્રક નં. જી.જે.,૧૪-એક્સ,-૯૫૧૧ ના

(૨) માલીક કાદરભાઇ અલારખભાઇ કાબરીયાના વારસો (૨.૧) નસીમબેન કાદરભાઇ કાબરીયા (૨.૨) અમનભાઇ કાદરભાઇ કાબરીયા રહે.બધા રાજુલા, ઠે.ઘાંચીવાડ, બાબાગોર બાપુની દરગાહની બાજુમાં, મુ.રાજુલા, જી.અમરેલી.........સામાવાળા

આથી ઉપરોક્ત દર્શાવેલા સામાવાળા નં.૨.૧ અને ૨.૨ ના ને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે તતમારી સામે મોટર વ્હીકલ એક્ટની કલમ - ૧૬૬ અન્વયે નુકશાની વળતરની રૂા.૫,૦૦,૦૦૦/- અકસ્માત વળતર મેળવવા માટેની અરજી આ ટ્રીબ્યુનલ સમક્ષ કરેલ છે. વાસ્તે આ ઉપરથી તમોને ફરમાવવાનું કે, તમારા સઘળા લેખીત પુરાવા રજુ કરવાની મુદતત તારીખ : ૧૭-૧૨-૨૦૨૪ ઠરાવવામાં આવેલ છે. તો મુકરર કરેલ દિવસે તમારા સઘળા લેખીત પુરાવા અને બચાવના આધારસહ જાતે અગર માહિતગાર કરેલ વકીલ મારફત સવારના ૧૦:૪૫ કલાકે બિનચુક હાજર રહેશો.

આ ઉપરથી તમોને નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરી ગણી અરજી સાંભળી તેનો નિકાલ કરવામાં આવશે. વળી તમોને એવી પણ નોટીસ કરવામાં આવે છે કે મુકરર કરેલ તારીખે અથવા તે પહેલા બજવણી માટે તમારો પતો લખવા તમો કસુર કરશો તો તમારા બચાવ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તા.૨૧ માહે ૧૧ સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| જે.બી.બુધેલા | એમ.જે.ધાધલ | | બી.આર.સવાણી |
| આસીસ્ટન્ટ | સિ.કલાર્ક | | ઇ.ચા.રજીસ્ટ્રાર |
| એમ.એ.સી.ટી. (ઓકઝી.) | એમ.એ.સી.ટી. (ઓકઝી.) | | એમ.એ.સી.ટી. (ઓકઝી.) |
| સાવરકુંડલા | સાવરકુંડલા | | સાવરકુંડલા |

### -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર શ્રી દિવ્યાંગ એમ.રામાણી (એડવોકેટ) રહે. ધારી - હરીપરા, તા.ધારી, જી.અમરેલી ના જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે. ત્રંબકપુર, તા.ધારી, જી.અમરેલી, રાજ્ય ગુજરાત એ ગામની ખેતીની જમીન ખાતા નં.૩૩૮, સર્વે નં.૧૭૭ પૈકી ૨ / પૈકી ૨, હે.આરે.ચો.મી. ૧-૨૬-૦૫ વાળી જમીનના માલીક શ્રી બટુકભાઇ રત્નાભાઇ શેણાલા, રહે. જીરા, તા.ધારી વાળા પાસેથી અમારા અસીલ (૧) ભાવેશ મગનભાઇ નડિયાદ્રા, રહે. રાજકોટ તથા (૨) ભાવિકાબેન વિનોદચંદ્ર પટેલ, રહે. અમદાવાદ સદરહું જમીન ખરીદવા માંગે છે, આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને તથા લાગતા વળગતા સર્વોને જણાવવાનું કે સદરહું ખેતીની જમીન બાબતમાં હરકોઇનો કશો લાગ-ભાગ, હક્ક, હિત કે હિસ્સો હોય અગર તો કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર કે કોઇપણ પ્રકારનું સરકારી, સહકારી બેન્ક, મંડળીનું કે અન્ય ખાનગી વ્યક્તિનું કોઇપણ લ્હેણુ બાકી હોય તો અગર અન્ય બીજા કોઇ માલીકી હક્ક દાવા હોય તો તે અંગેના જરૂરી તમામ દસ્તાવેજ આધાર પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં નીચે લખેલ સરનામે લેખીતમાં રજીસ્ટર એ.ડી. પોસ્ટથી મોકલાવવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર થશે તો કોઇના કોઇપણ પ્રકારના વાંધો નથી અને અથવા આવા હક્કો હોય તો તે જતા ર્યા છે તેમ ગણી મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત વિગતોની ખેતીની જમીન ખરીદ કરવા સોદો ચોક્કસ કરી અને તેનો કાયદેસરનો પાકો અઘાટ વેચાણ દસ્તાવેજ કરાવી લઇ નોંધાવરાવી લેશે તેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી છે. મુદત બાદ આવેલ કોઇપણ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી જાહેર લાગતા વળગતા સર્વોએ નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : ધારી
તારીખ : ૨૬-૧૧-૨૦૨૪

અસીલની સુચનાથી દિવ્યાંગ એમ.રામાણી (એડવોકેટ)
ઠે.ધારી, સુવિધા ઝેરોક્ષ એન્ડ કન્સલટન્સી,
એસ.ટી. ડેપો સામે - ધારી, તા.ધારી, જી.અમરેલી.
મો.નં.૯૦૩૩૭ ૩૩૫૩૫

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી
અપીલ રજી. નં. ૪૦-૨૦૨૪
અરજદાર : શ્રી વિરડીયા વસંતભાઈ મનજીભાઈ રહે.સી/૫૩, સ્નેહ સાગર સોસાયટી, સિંગણપોર રોડ, સુરત સીટી, તા.જી.સુરત
સામાવાળા : તલાટી કમ મંત્રી કેરાળા (વિરડીયા) ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરાળા (વિરડીયા) ગામના વિરડીયા વસંતભાઈ મનજીભાઈ તેઓની બહેન વિરડીયા ગીતાબેન મનજીભાઈની જન્મ તા.૦૬-૦૪-૧૯૭૮ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૪-૧૦-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા જાહેર જનતાની જાણ માટેની નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી એસ.એસ.જામ, એડવોકેટ એન્ડ નોટરી ધારીના આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે,

| ક્રમ | ખેતીની જમીનનું વર્ણન | જમીન માલિકનું નામ |
|---|---|---|
| ૧ | મોજે દલખાણીયા, તા.ધારી, જી.અમરેલી એ ગામની ખેતીની ખાતા નં.૬૧૫, સર્વે નં.૧૩૬ પૈકી ૧, હેક્ટર : ૧.૧૭.૩૬ | મનિષભાઇ કેશુભાઇ ત્રાપસીયા રહે.હાલ સુરત. |

ઉપરોક્ત સર્વે નંબરવાળી ખેતીની જમીન અમારા અસીલ હાલના જમીન માલીક પાસેથી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા સોદો ચોક્કસ કરેલ છે. સદરહુ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન સબંધે કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારે કાંઇપણ વારસાઇ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો સમાયેલો હોય અગર તો સદરહુ જમીન સબંધે કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કે નાણાકીય સંસ્થાનું અગર તો સરકારી, સહકારી બેંક - મંડળી વિગેરેનું કોઇનું કાંઇપણ કરજ, લ્હેણુ, ગીરો કે અન્ય કોઇપણ પ્રકારે કાંઇપણ લ્હેણ, દેણ, માલીકી રાઇટ્સ, ટાઇટલ માલીકી હક્ક દાવો વિગેરે જે કાંઇ હોય તેઓએ તેના તમામ લેખીત દસ્તાવેજી આધાર પુરાવા નોટરાઇઝડ કરી - કરાવરાવી આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ માં નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.પત્રથી અમોને મોકલી આપવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જાણ કરીએ છીએ. સમય મર્યાદામાં કોઇપણ વ્યક્તિ સંસ્થા કે નાણાકીય સંસ્થા તરફથી કાંઇપણ કાયદેસરના વાંધા તકરાર રજુ કરવામાં કસુર થયે ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન ઉપર કોઇપણ વ્યક્તિનું કે સરકારી, સહકારી બેંક, મંડળીનું કાંઇપણ લ્હેણ, દેણ, માલીકી હક્ક દાવો નહી હોવાનું માની મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીનનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવા માટેની નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરશે અને જમીનનો કાયદેસર વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધણી કરાવશે. મુદત વિત્યે આવેલ વાંધા તકરાર કે હક્ક દાવો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. તેની સર્વે જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ધારી, તા.૨૭-૧૧-૨૦૨૪
પત્ર વ્યવહારનું સરનામું :-
શ્રી એસ.એસ.જામ, (એડવોકેટ એન્ડ નોટરી)
ઠે.યોગીનગર, મુ.ધારી, જી.અમરેલી
મો.નં. ૯૩૨૭૦ ૨૭૧૮૬

એસ.એસ.જામ
એડવોકેટ એન્ડ નોટરી - ધારી


જેટ ગતિએ વિકસિત થતા હાઇવે ટચ જમીન
પીપાવાવ - સાવરકુંડલા - રંઘોળા - તારાપુર
ડેવલપ થઇ રહેલા હાઇ-વે ટચ ઇન્ડસ્ટ્રીયલ
પ્લોટીંગ થઇ શકે તેવી ૨૨ વિઘા જમીન
૫ વિઘા અને તેથી વધુ બે લાખના ભાવની જમીન
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪



લાભમ્ સોલાર : ૯૪૨૮૮ ૮૮૦૯૮

KISHORDAN GADHAVI
MO.94289 70954
VISHALDAN GADHAVI B.A.LLB
MO.94288 88098
Labham Properties
House, Flat, Plot, Shops - Buy / Sell or Rent
Home Loan and all other property related work are done here
Agricultural and Non-Agricultural lands near Amreli And Dhari
Address-Shop No.5, Siddhivinaak Complex,
Near ST Division, Lathi Road-Amreli-365601

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

એસટી ડેપો સામે દુકાન વેચવાની છે
અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે,
જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે
દુકાન વેચવાની છે
સંપર્ક સમય : બપોરે ૨ થી ૫
મો.૯૪૨૬૪ ૨૨૬૭૬



દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

## ગૌ.વા.શ્રી મુળજીભાઇ માધવજીભાઇ પોપટ પરિવારના પિતૃઓના મોક્ષાર્થે

# અમરેલીમાં પોપટ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાશે

### તા.૨૫-૧૨-૨૪ને બુધવારથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ અને ૩૧-૧૨-૨૪ મંગળવારે કથાની પુર્ણાહુતિ કરાશે : કથા દરમિયાન ધાર્મિક પ્રસંગોની ઉજવણી

### ભાવગત કથાની ૩૧મીએ પુર્ણાહુતિ : શ્રીરામધામ ગાયત્રી શકિતપીઠ રોડ, ગુરૂકૃપાનગર ખાતે કથામાં પ.પુ.શ્રી હરિચરણદાસ મહારાજના શિષ્ય પ.પુ.શ્રી જયરામદાસ મહારાજ કથા રસપાન કરાવશે

અમરેલી,અમરેલીમાંપોપટપરિવારદ્વારા પરપુજયશ્રી રણછોડદાસજી મહારાજ અને સદગુરૂદેવ ભગવાન શ્રી હરિચરણદાસજી મહારાજની પ્રેરણાથી અમરેલીમાં શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞ તા.૨૫-૧૨-૨૪થી યોજાનાર છે. શ્રીરામધામ ગુરૂકૃપા નગર ગાયત્રી શકિતપીઠ રોડ ચિતલ રોડ અમરેલી ખાતે ભાગવત કથામાં વ્યાસપીઠ પરથી પરમપુજયશ્રીજયરામદાસજીમહારાજ, મહંતશ્રી રામજી મંદિર ગોંડલ પોતાની આગવી શૈલીથી સંગીતમય કથાનું રસપાન કરાવશે. ભાવગત કથામાં તા.૨૫ના પોથીયાત્રા સાથે કથા પ્રારંભ થશે. કૃષ્ણ જન્મોત્સવ, ગોવરધન ઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર પ્રસંગો ઉજવાશે અને તા. ૩૧-૧૨-૨૪ને મંગળવારે સાંજે ૭ કલાકે પુર્ણાહુતિ થશે. ગૌ.વા. નાગજીભાઇ મુળજીભાઇ પોપટ, મંગળાબેન નાગજીભાઇ પોપટ, ગૌ.વા. ભગવાનજીભાઇ મુળજીભાઇ પોપટ, ગૌ.વા.શ્રી. ગૌરીબેન ભગવાનજીભાઇ પોપટ, ગૌ.વા. કાકુભાઇ મુળજીભાઇ પોપટ, ગૌ.વા. પુષ્પાબેન કાકુભાઇ પોપટ, ગૌ.વા. જયસુખભાઇ ભગવાનભાઇ પોપટ, ગૌ.વા. મમતાબેન જયસુખભાઇ પોપટ, ગૌ.વા. ઉષાબેન દિનેશભાઇ પોપટ, ગૌ.વા. શિલ્પાબેન પરાગભાઇ પોપટ, ગૌ.વા. નિશાંત પ્રવિણભાઇ પોપટના આશિર્વાદથી યોજાનાર ભાગવત કથાનો લાભ લેવા પોપટ પરિવાર અમરેલી દ્વારા જણાવાયું છે.

# રાજુલાના વિવિધ પ્રશ્ને અમરેલી જિલ્લા કલેકટર કચેરીમાં ખેડૂતો દ્વારા રજૂઆત

### ક્વોરી લિઝો બંધ નહિ થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી



અમરેલી,અમરેલી ખાતે રાજુલાના ખેડૂતો દ્વારા વિવિધ મુદ્દાઓ માટે રજૂઆત કરવામાં આવી હતી જેમાં અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા તાલુકામાં આવેલ ભાક્ષી ગામ પાસે ધાતરવડી ડેમ ૧ સમગ્ર રાજુલા પંથકના ખેડૂતો માટે જીવાદોરી સમાન ડેમ વર્ષો જૂનો ૧૦૦ ટકા ભરેલો છે બાજુમાં ૨ મહાકાય ક્વોરી લિઝમાં ભરડીયાઓ ધમધમી રહ્યા છે કારણે મહાકાય બ્લાસ્ટિંગ થવાથી ડેમ ઉપર ભારે અસર થવાથી ડેમ ઉપર જોખમ ઉભુંથયરહ્યુંછે ધાતરવડીડેમબચાવોભાઈબચાવો ભરડીયાઓ બંધ કરો ભાઈ બંધ કરોના સુત્રોચાર સાથે કલેકટર કચેરીમાં પોહચી આવેદનપત્ર આપવામા આવ્યું ગ્રામ પંચાયતો સાથે વિવિધ પર્યાવરણ અને ખેડૂતની સમિતિઓ સંગઠનના લોકોએ પણ લેખિતમાં રજૂઆતો કરવામાં છે. રાજુલા તાલુકામાં આવેલ ધાતરવડી ડેમ ૧ સ્થાનિક ભાક્ષી, ધારેશ્વર, મોટા આગરિયા ,દીપડીયા,વ ાવેરા,ચારોડીયા,સહિત આસપાસના ડેમ નીચે આવતા ગામડાઓ માટે આશીર્વાદરૂપ છે આખું વર્ષ આ ધાતરવડી ડેમ માંથી પાણી મળી રહે છે હાલ ધાતરવડી ડેમ નજીક હોવાને કારણે બ્લાસ્ટિંગ સતત વધી રહ્યુંછે જેના કારણે ખેડૂતોમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે તાત્કાલિક હિતમાં ભરડીયાઓ બંધ કરવા ઉગ્ર રજૂઆતો ખેડૂતો કરી રહ્યા છે. ધારેશ્વર સરપંચ દિલીપભાઈ સોજીત્રાએ જણાવ્યું અમારી સાથે ખેડૂતો માલધારી બધા આવ્યા છીએ અમારો ડેમ બચાવો અમારા વિસ્તારમાં બે મોટા ભરડીયાઓ આવેલ છે અમારું ગામ ૬ કિલોમીટર છે છતાં ધ્રૂજે છે એવું તો બ્લાસ્ટિંગ કરે છે ડેમ તૂટી જાય તેવી છે ખેડૂતોના કુવાના તળ નીકળી ગયા છે ખેડૂતોના ખેતરોમાં માટી ઉડે છે નુકસાન જાય છે અગાવ પણ લેટર લખ્યા છે છતાં કોઈ જવાબ આપ્યો નથી અધિકારીઓની મિલીભગતથી ભરડીયાઓ ચાલી રહ્યા છે બંધ નહિ કરે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. વાવેરા ખેડૂત આગેવાન ચંપુભાઈ ધાખડાએ જણાવ્યું કલેકટરને રજૂઆતો આવ્યા છે અમારી ડેમ ની બાજુમાં માઈનિંગ લિઝો ચાલે છે ૨૫૦ ફૂટ તો ખાણો આવેલી છે જેમાં બ્લાસ્ટિંગ કરે છે જેના કારણે ધાતરવડી ડેમમાં પારાવાર નુકસાન કરે છે ડેમ બચાવો ખેડૂત બચાવો આ રજૂઆતો કરી છે અમારે વાવેરા ગૌચરણ આવેલ છે જેમાં પણ આ લોકોએ રસ્તા બંધ કરી દીધા હતાં.

### પહેલા પાનાનું
### ૧૫ દિવસની મહેતલ

કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૫ (પંદર) માં દુર કરવા તેમજ ડીમાર્કેશનની વિગતે નાવલી નદી કાઠે આવેલ મીલ્કતોની માલીકી અંગેના તમામ દસ્તાવેજી આધાર પુરાવાની નકલ (અસલ સાથે રાખવા) સહીતનો લેખીત ખુલાસો અત્રેની કચેરીએ રૂબરૂ રજુ કરવા લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે. તેમજ નાવલી નદીની જમીનમાં જે કોઈ બિનઅધિકૃત બાંધકામ કે અન્ય કોઈ રીતે જમીન નો કબ્જો કરેલ હોય તો સ્વેચ્છિક રીતે દુર કરવા આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. સબંધકર્તા આસામીઓ દવારા સમય મર્યાદામાં આધાર પુરાવાઓ રજુ ન થયેથી તા. ૧૬/૧૨/૨૦૨૪ બાદ સદર દબાણ દુર કરી નાવલી નદીની જમીન ખુલ્લી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંગેના તમામ જાતના ખર્ચ અને પરીણામની સંપુર્ણ જવાબદારી જે તે દબાણકર્તા આસામીની અંગત રહેશે. જેની ગંભીરતા સાથે જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી. આ જાહેર નોટીસ હાલમાં નામ. ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા સ્પે.સિ.એ.નં. ૨૨૮૦/૨૦૦૬ તથા તેને સંલગ્ન મેટરના પીટીશનરોને લાગુ પડતી નથી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તેવું ચીફ ઓફીસર સાવરકુંડલા નગરપાલીકા દ્વારા જાહેર નોટિસમાં કેહવામાં આવ્યું છે.

### પહેલા પાનાનું
### પ્રતિબંધિત પ્લાસ્ટિક

નગરપાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનુ વેચાણ કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. નગર પાલિકાની ટીમે અહીથી ૨૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કર્યુ હતુ. પાલિકાની ટીમ દ્વારા પ્લાસ્ટિકના વેપારીઓ અને રિટેલરો તેમજ દુકાનદારોને ત્યાં ગેરકાયદેસર - પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધરવામા આવ્યું હતુ. સાવરકુંડલા પાલિકા - વિસ્તારમાં આવેલ અલગ અલગ ૬ સ્થળો એથી વેપારીઓ પાસેથી ૨૦ કિલો ગેરકાયદેસર પ્લાસ્ટિકના જપ્ત કરીને ૧૪૦૦ રૂપિયાનો દંડ ની વસુલવામાં આવ્યો હતો. અંતે ઉલ્લેખનીય છેકે સરકાર દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરતા હોય છે. ત્યારે સાવરકુંડલા પાલિકા દ્વારા તપાસ કરતા ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું.

### પહેલા પાનાનું
### ટ્રેનો આપો

કનેક્ટિવિટી આપી શકાય તેમ છે. સાંસદની ચૂંટણી પેહલા સોમનાથ બનારસ ની સાપ્તાહિક ટ્રેન ના સ્વાગત માટે આવેલા નેતાઓ દ્વારા વડિયા રેલવે સ્ટેશને મોટા મોટા વચનોની લ્હાણી થઈ હતી જેમા વડિયા થી સુરત અને અમદાવાદ ની કાયમી ટ્રેન મળશે, વડિયા ના ટ્રેક પરથી વંદે ભારત ટ્રેન શરુ થશે, આ સિવાય લાંબા અંતર ની અનેક ટ્રેનો ટૂંકા ગાળામાં અહીંથી શરુ થશે. સાંસદ ની ચૂંટણી માં અમરેલી લોકસભા મતવિસ્તાર માં ઉમેદવાર ભરત સુતરીયા આવતા અને ભવ્ય વિજય બનતા તે પૂર્વ સાંસદ એ કરેલા વાયદાઓ હાલ સાંસદની ચૂંટણી બાદ અભેરાઈએ ચડાવી દીધા હોય તેવુ લાગી રહ્યું છે ત્યારે વર્તમાન સાંસદ ભરત સુતરીયાને વડિયા કુંકાવાવ તાલુકા માંથી ખોબલે ખોબલે લોકોએ મત આપ્યા છે આ વિસ્તાર ની રેલવે ની સુવિધાઓ વધારવા માટે તે આગળ આવે અને હાલ ડેઈલી સુરત અને અમદાવાદ ની ટ્રેન શરુ થાય સાથે લાંબા અંતર ની ટ્રેનો પણ શરુ થાય તો આ વિસ્તાર ના લોકોને મોટી રાહત મળી શકે તેમ છે ત્યારે વડિયા કુંકાવાવ ને જોડતી રેલવે સેવાઓ વધારવા નવા ચૂંટાયેલા સાંસદ ભરત સુતરીયા આગળ આવે અને વડિયા કુંકાવાવ તાલુકાને વધુ ને વધુ રેલવે સુવિધાઓ અપાવે તેવી સમગ્ર વિસ્તાર મા લોક માંગણી જોવા મળી રહી છે.

# અમરેલીના પીઢ પત્રકાર શ્રી મનસુખભાઇ રાવળનું નિધન

### સદગતની અંતિમ યાત્રામાં પત્રકારો અને વેપારીઓ, વિવિધ આગેવાનો જોડાયા




અમરેલી,અમરેલીનાં પીઢ પત્રકાર શ્રી મનસુખભાઈ રાવળનું નિધન થતા ઘેરો શોક વ્યાપી ગયો છે. અમરેલીના પીઢ પત્રકાર શ્રી મનસુખભાઈ ગંગાશંકર રાવળ તે સંદિપભાઈના પિતા અને આશિષભાઈ જયંતિભાઈ રાવળના તથા ચેતનભાઈ ચુનીલાલ રાવળ(વકીલ)ના મોટાબાપુજી અને યશ સંદિપભાઈ રાવળના દાદાનું નિધન થતાં રાવળ પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. તેમની સ્મશાનયાત્રા આજે સાંજે ૫ કલાકે તેમના નિવાસ સ્થાન દશાશ્રીમાળી જૈનવાડી લાયબ્રેરી રોડથી નિકળી ગાયત્રી મોક્ષધામ પહોંચી હતી. અંતિમ યાત્રામાં વિવિધ ક્ષેત્રના આગેવાનો, પત્રકારો, વેપારીઓ અને સગા સ્નેહીઓ જોડાયા હતાં. અને શ્રધ્ધાસુમન અર્પણ કરી રાવળ પરિવારને સાંત્વનાં પાઠવી હતી. સદગતનું બેસણું ગુરૂવારે સાંજે ૪ થી ૬ જૈનવાડી ખાતે રાખવામાં આવેલ છે.





શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?

તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક



લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.

RTO એડવાઇઝર

સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક

મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯

નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી


## પ્રથમ વર્ષે જ અનુરૂપ વિવાહની સફળ યુરોપિયન ઈવેન્ટ્સ

અનુરૂપ ગુજરાતી સમુદાયમાં પોણા બે વર્ષ પહેલાં જ વિસ્તર્યું હતું. અમને આનંદ છે કે ભારત અને વિદેશમાં વસતા ગુજરાતીઓ તરફથી મળેલ પ્રતિસાદ ખૂબ જ પ્રોત્સાહજનક રહ્યો છે. લગભગ 5 દાયકાઓથી અમે સફળતાપૂર્વક પોતાને મેચમેકિંગ માટે સમર્પિત કર્યા છે. વ્યક્તિગત ધ્યાન, વિશ્વાસપાત્રતા અને પ્રોફાઈલ ચકાસણીના ઉચ્ચ ધોરણો અમારા યુએસપી છે અને તેઓ ખાતરી કરે છે કે અમારા ડેટાબેઝમાં માત્ર અસલી પ્રોફાઈલ જ ઉમેરવામાં આવે છે.મુખ્યત્વે, અમારા સભ્યો અમારી સુરક્ષિત વેબસાઈટ અને Android અને iOS મોબાઈલ એપ્લિકેશન દ્વારા તેમની શોધ કરે છે. શોધને પૂરક બનાવવા અને સુવિધા આપવા માટે અમે ભારત અને વિદેશમાં સમયાંતરે મીટ-અપ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. આ વર્ષે, અમે પ્રથમ વખત બર્લિન (જર્મની) અને લંડન (યુકે)માં અનુરૂપ મીટઅપ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ઉપરાંત યુએસએમાં તો અમે 1 દાયકા કરતાં વધુ સમયથી વાર્ષિક મીટ-અપ યોજી રહ્યા છીએ.તમામ ઈવેન્ટ્સ ની જગ્યાઓ પૂરેપૂરી ભરાઈ ગયી હતી અને હાજર રહેનાર બધાં એ ખૂબ પ્રશંસા કરી હતી. સહભાગીઓ તરફથી પ્રતિસાદ દર્શાવે છે કે તેઓ અનુરૂપના નવીન અને ઈન્ટરેક્ટિવ ફોર્મેટને પસંદ કરે છે. કાર્યક્રમ ના સુરક્ષિત અને મૈત્રીપૂર્ણ વાતાવરણ તેઓને વાતચીત કરવા માટે અનુકૂળ લાગે છે.

લાઈફ પાર્ટનરની શોધ એ કંટાળાજનક અને બોજારૂપ પ્રવૃત્તિ બનવાની જરૂર નથી; એ રોમાંચક હોઈ શકે છે તે યાદ અપાવીને તેઓ ખુશ હતા.અમારા સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી તરફ જતાં, હાલમાં અમે 51 ઈવેન્ટ્સ નક્કી કરેલ છે, જેમાંથી 3 ગુજરાતી કનેક્શન ધરાવે છે. 30મી નવેમ્બરે, વડોદરામાં 2 ઈવેન્ટ્સ (સવારે 10 અને બપોરે 3 વાગ્યે) અને 1લી ડિસેમ્બરે (3 વાગ્યે) અમદાવાદમાં એક ઈવેન્ટ છે.અનુરૂપ સાથે જોડાઓ અને અમારા સુશિક્ષિત અને પ્રગતિશીલ પાત્રોના સમુદાયનો ભાગ બનો. સારી ગુણવત્તાવાળા સભ્યો મેળવો! નોંધણી માટે www.anuroopwiwaha.com ની મુલાકાત લો અથવા અમને 1800-267-7991 પર કૉલ કરો. તરત નોંધણી કરો અને તમારા અનુરૂપ જોડીદારને શોધો.

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૨૩૨-૨૦૨૪............મુ.તા.૧૯-૧૨-૨૦૨૪
અરજદાર : સરતાન કરીમભાઈ ઈબ્રાહીમભાઈ રહે.મોટા બારમણ, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી એમ.એ.પઠાણ
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી મોટા બારમણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના બેન જરીનાબેન ઈબ્રાહીમભાઈ સરતાનનો જન્મ તા.૦૧-૦૧-૧૯૮૭ નારોજ ગામ મોટા બારમણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના બેનના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૯-૧૨-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૪-૦૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

## સાવરકુંડલાના મહેરબાન પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,

મુ. સાવરકુંડલા
કેવીએટ અરજી નં. /૨૦૨૪

(૧) ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી - કેવીએટ/ અરજદાર

વિરૂધ્ધ

(૧) જાહેર જનતા - સાવરકુંડલા - સામાવાળા

આ કામના અમો કેવીએટરો/અરજદારની નમ્ર અરજ એ છે કે,

(૧) અમો પક્ષકાર નં. ૧ નગરપાલીકાના ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવીએ છીએ તથા આ કામના સામાવાળાઓ સાવરકુંડલા મુકામે સરકારી જમીનના ગેરકાયદેસરના કબજેદારો હોય આથી અમો કેવીએટર સદર કેવીએટર અરજી સી.પી.સી. કલમ- ૧૪૮ (એ) મુજબની હાલની અમોની અરજ એ પ્રકારની છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં આવેલી નાવલી નદી ઉપર રિવરફ્ન્ટનું કામ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત સરકારશ્રીના માપણી વિભાગ દ્વારા નાવલી નદીની માપણી કરી હદ અંગેના ડીમાર્કેશન કરવામાં આવેલ છે. જે અનુસંધાને તા. ૨૬/૧૧/૨૦૨૪ રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલી જે અંતર્ગત અમોએ નામદાર સાવરકુંડલા કોર્ટમાં હાલની કેવીએટ અરજ દાખલ કરવાનો હોય જે અનુસંધાને કેવીએટ અરજની જાહેર પ્રસિધ્ધી કરેલ હોય સદર અરજીના સામાવાળાઓનું સદર મિલકતમાં દબાણ હોવાનું જણાય છે. જેથી કરીને અમો નગરપાલીકા ચીફ ઓફીસર દ્વારા આ કામના સામાવાળાઓને તા. ૨૫/૧૧/૨૦૨૪ ના રોજ તમામ સામાવાળાઓને નગરપાલીકા હસ્તક નોટીસ આપેલ હોય, તેમજ બિનઅધિકૃત બાંધકામ કે અન્ય કોઈ રીતે જમીનનો કબજો કરેલ હોય તો સ્વૈચ્છિક રીતે દુર કરવા જાણ કરવામાં આવેલ છે. આમ છતાં અમો નગરપાલીકામાં ડીમાર્કેશનની વિગત અનુસાર નાવલી નદીમાં અસંખ્ય દબાણો હોય તેવી જાહેર જનતાને નગરપાલીકા દ્વારા તા. ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય તે અનુસંધાને તા. ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ પબ્લીક કેવીએટ અરજ પ્રકાશ પ્રિન્ટર્સ જેના આરજી નં. જી.જે. ૦૨-૦૦૦૬૬૨૨થી નોંધાયેલ છે. અને અવધ ટાઈમ્સ દૈનિક જે દૈનિક પ્રસિધ્ધ થતુ હોય તા. ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ હોય જેમાં જમીનનો કબજો કરેલ હોય તો સ્વૈચ્છિક રીતે દબાણો દુર કરવા જાણ કરવામાં આવે છે. આમ સદર જાહેર નોટીસ આપ્યેથી આ કામના સામાવાળાઓ દ્વારા આપ નામદાર કોર્ટ સમક્ષ ખોટી રીતે દાવો દાખલ કરી મનાઈ હુકમ મેળવી લે તો સરકારશ્રીને ઘણુ નુકશાન જાય તેમ છે. તેથી અમને સાંભળ્યા વિના એકતરફી મનાઈ હુકમ ન આપવા મહે. થશો તેમજ અમો નગરપાલીકા કચેરી - સાવરકુંડલાને નોટીસ કાઢી જણાવવા મહે. થશો તેથી આ અરજ દાખલ કરેલ છે. અમોને સામાવાળા પોતે કે તેમના માણસો ખોટી રીતે મનાઈ હુકમ મેળવવા પ્રયાસ કરે તે માટે થઈ આ જાહેર કેવીએટ અરજ દાખલ કરેલ છે. આ જાહેર કેવીએટ અરજ હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં. ૨૨૮૦/૨૦૦૬ તથા તેને સંલગ્ન મેટરના પીટીશનરોને લાગુ પડતી નથી.

(૨) આ કામના સામાવાળાઓને અમો નગરપાલીકા કચેરીને સાંભળ્યા વગર જો મનાઈ હુકમ આપવામાં આવે તો સરકાશ્રીના પ્રોજેકટ અંતર્ગત રિવરફ્ન્ટના કામમાં અડચણ અટકાયત થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ હોય જેથી સદર અરજી લાવવાની તાત્કાલિક ફરજ પડેલ હોય.

(૩) સદર કેવીએટ અરજીની જાહેર પ્રસિધ્ધી કરાવેલ હોય કારણ કે સદર કેવીએટ અરજની પહેલા અમોએ જાહેર જનતાને તા. ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે.

(૪) તો આ કેવીએટ અરજી લાવી અમો કેવીએટર/અરજદાર એવી દાદા માંગીએ છીએ કે,

(એ) આ કામના સામાવાળા જાતે કે તેમના થકી કોઈ અમો કેવીએટર/અરજદાર સામે ઉપરોકત બાબતોને લક્ષમાં લેતા, આ કામના સામાવાળા આપ સાહેબની કોર્ટમાં મનાઈ હુકમ મેળવવા માટે દાવો કરે કે વચગાળાનો હુકમ મેળવવા દાવો કરે તો અમો કેવીએટરો/અરજદારોને સાંભળ્યા સિવાય કોઈ એકતરફી હુકમ કરવો કે કરાવવો નહીં અને તે અંગેની નોટીસ ઈસ્યુ કરવા મહેરબાની થશે.

(બી) આપ નામદાર કોર્ટનુ યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અપાવવા મહે. થશે.

(૫) આ કેવીએટ અરજીની સાથે જરૂરી તમામ આધારો રજુ છે. સામાવાળાને જાહેર કેવીએટ અરજ પ્રસિધ્ધ કર્યા અંગેનું સ્થાનિક પેપર રજુ છે.

આ કામના અમો કેવીએટર/અરજદાર સાવરકુંડલા નગરપાલીકાના ચીફ ઓફીસર શ્રી હસમુખરાય પ્રાગજીભાઈ બોરડ ઈકરાર કરીને જાહેર કરીએ છીએ કે, સદરહુ કેવીએટ અરજીમાં જણાવવામાં આવેલી તમામ હકીકતો અમારા માનવા તથા જાણવા મુજબ બરાબર અને ખરી છે.

તા. ૨૭/૧૧/૨૦૨૪, સાવરકુંડલા

ચીફ ઓફીસર,
સાવરકુંડલા નગરપાલીકા

**Gujarat Energy Transmission Corporation Ltd.**
GETCO
Transmission Circle Office, Amreli.
Add.: Near 66kV Sub-station, Keriya Road, Amreli – 365 601.
e-mail : setramreli.getco@gebmail.com setramreli@rediffmail.com
Regd. Corporate Office: Sardar Patel Vidyut Bhavan, Race Course, Vadodara-390 007.
Corporate Identity No. (CIN): U40100GJ1999SGC036018
Azadi Ka Amrit Mahotsav

## ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમીટેડ દ્વારા જાહેરનામું

નં.સીઇ (પી) / ઇઇ (ટીઆર-II) / ટી-૧ / જાહેરનામુ / જુન - ૨૦૨૪ / ૫૩૩૭. - આથી જાહેર જનતાને જણાવવાનું કે, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમીટેડ, ઇલેક્ટ્રીસીટી એક્ટની કલમ - ૩૯ હેઠળ પ્રવહનની કામગીરી ગુજરાત રાજ્યમાં નોટીફીકેશન નં. જીએચયુ-૨૦૦૪ - ૩૧ - જીઇબી - ૧૧૦૪ - ૨૯૪૬ - કે તા.૨૯-૦૫-૨૦૦૪ થી કરે છે. ગુજરાત સરકાર ઇલેક્ટ્રીસીટી એક્ટની કલમ ૧૬૪ ની સતાની રૂએ જાહેરનામું નં.જીયુ - ૨૦૦૭ - ૦૫ - ઇએલએ - ૧૧૦૬ - ૪૮૮૪ - કે તા.૦૫-૦૧-૨૦૦૭ દ્વારા ઇન્ડીયન ટેલીગ્રાફિક એક્ટના હેઠળ ટેલીગ્રાફિક ઓથોરીટીના સતા જેટકો અને તેના અધિકારીઓ વિજ પુરવઠો પહોંચાડવા વિજ રેષાઓ અને તેના ટાવર્સ ઉભા કરવાની સતા આપેલ છે. આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જેટકોએ તેમની વિજ રેષાઓ / થાંભલાઓ ઉભા કરવાનો નિર્ણય નીચે દર્શાવેલ યોજનાઓ મુજબ લીધો છે.

| ક્રમ નં. | યોજનાનું નામ અને ટુંકમાં વિગતો | કાર્યનો વિસ્તાર | અંદાજિત મુડી ખર્ચ (લાખ માં) |
|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી ભાડેરથી ૬૬ કેવી કાંકચિયાળા સુધી જતી એકવડી લાઇન ટાવર ઉપર પેન્થર કન્ડકટરથી કિસાન સુર્યોદય યોજના ફેજ-૨ અંતર્ગત પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૯.૪૯ કિ.મી.) | કાંકચિયાળા, ઘોડાસણ, જેતલવડ, વાવડી (ભાડ) અને તેની આસપાસનો વિસ્તાર તા.વિસાવદર, જિલ્લો જુનાગઢ મોણવેલ, ભાડેર અને તેની આસપાસનો વિસ્તાર તા.ધારી, જિલ્લો અમરેલી | ૩૬૦.૮૧ |
| ૨ | ૨૨૦ કેવી બગસરા (જુના વાઘણીયા) સબ સ્ટેશનથી ૬૬ કેવી બગસરા સુધી આંશિક રીતે જતી બેવડી ટાવર લાઇન ઉપર એકવડી વિજરેષા AL-59 કન્ડકટર સાથે પ્રસ્થાપિત કરવાની કામગીરી (૮.૮૮ કિ.મી.) તથા આંશિક 1600 sq.mm (3+1) અંડરગ્રાઉન્ડ કેબલ (લંબાઇ : ૩.૫૦ કિ.મી.) સાથે કિસાન સુર્યોદય યોજના ફેજ - ૨ અંતર્ગત પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૧૨.૩૮ કિ.મી.) | બગસરા, જેઠીયાવદર, ડેરી પીપરીયા, ચારણ પીપળી, ખારી, ખીજડીયા, હડાળા, જુના વાઘણીયા અને તેની આસપાસનો વિસ્તાર તા.બગસરા, જિલ્લો અમરેલી | ૧૯૬૩.૧૭ |
| ૩ | ૨૨૦ કેવી બગસરા (જુના વાઘણીયા) સબ સ્ટેશનથી ૬૬ કેવી જાળીયા સબ સ્ટેશન સુધી જતી બેવડી ટાવર લાઇન ઉપર એકવડી વિજરેષા AL-59 કન્ડકટર સાથે પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૧૩.૯૨ કિ.મી.) | જાળીયા, પાણીયા, મોટા માંડવડા, કેરાળા અને તેની આસપાસનો વિસ્તાર તા.અમરેલી, જિલ્લો અમરેલી ચારણ પીપળી, ખીજડીયા, ખારી, જુના વાઘણીયા, હડાળા અને તેની આસપાસનો વિસ્તાર તા.બગસરા, જિલ્લો અમરેલી | ૭૦૫.૯૦ |
| ૪ | ૨૨૦ કેવી બાબરા (ચરખા) સબ સ્ટેશનથી હયાત ૬૬ કેવી બાબરા સબ સ્ટેશન સુધી આંશિક રીતે જતી બેવડી ટાવર લાઇન ઉપર એકવડી વિજરેષા AL-59 કન્ડકટર સાથે પ્રસ્થાપિત કરવાની કામગીરી (૧૧.૫૦ કિ.મી.) તથા આંશિક 1600 sq.mm (3+1) અંડરગ્રાઉન્ડ કેબલ (લંબાઇ : ૨.૫૦ કિ.મી.) સાથે કિસાન સુર્યોદય યોજના ફેજ-૨ અંતર્ગત પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૧૪ કિ.મી.) | ચરખા, ઉંટવડ, સમઢીયાળા, નીલવડા, તાજવદર, કરીયાણા, ખાખરીયા, બાબરા અને તેની આસપાસનો વિસ્તાર તા.બાબરા, જિલ્લો અમરેલી | ૧૧૦૪.૨૯ |
| ૫ | ૨૨૦ કેવી બગસરા (જુના વાઘણીયા) સબ સ્ટેશનથી ૬૬ કેવી હડાળા સબ સ્ટેશન સુધી જતી ટાવર લાઇન ઉપર એકવડી વિજરેષા AL-59 કન્ડકટર સાથે અંતર્ગત પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૫.૫૪ કિ.મી.) | હડાળા, ખારી, ખીજડીયા, જુના વાઘણીયા અને તેની આસપાસનો વિસ્તાર તા.બગસરા, જિલ્લો અમરેલી | ૨૧૦.૬૩ |
| ૬ | ૨૨૦ કેવી બગસરા (જુના વાઘણીયા) સબ સ્ટેશનથી ૬૬ કેવી તોરી સબ સ્ટેશન સુધી આંશિક રીતે જતી બેવડી ટાવર લાઇન ઉપર એકવડી વિજરેષા AL-59 કન્ડકટર સાથે પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૧૧.૫૦ કિ.મી.) તથા આંશિક 630 sq.mm (2x6+0) અંડરગ્રાઉન્ડ કેબલ (લંબાઇ : ૧.૬૦ કિ.મી.) સાથે કિસાન સુર્યોદય યોજના ફેજ - ૨ અંતર્ગત પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૧૩.૧૦ કિ.મી.) | જુના વાઘણીયા, હડાળા, વાઘણીયા નવા, પીઠડીયા, બાલાપુર અને તેની આસપાસનો વિસ્તાર તા.બગસરા, જિલ્લો અમરેલી નાજાપુર, રામપુર, તોરી, અરજણસુખ અને તેની આસપાસનો વિસ્તાર તા.કુંકાવાવ - વડીયા, જિલ્લો અમરેલી | ૧૪૫૩.૦૯ |
| ૭ | હયાત ૬૬ કેવી ભાડેર - કાંકચિયાળા લાઇન પરથી સુચિત ૬૬ કેવી સુડાવડ સબ સ્ટેશન સુધી જતી આવતી બેવડી ટાવર લાઇન ઉપર બેવડી વિજરેષા પેન્થર કન્ડકટર સાથે પ્રસ્થાપિત કરવાની કામગીરી તથા સુચિત ૬૬ કેવી સુડાવડ સબ સ્ટેશન પ્રસ્થાપિત કરવાની કામગીરી (લંબાઇ : ૧૦.૫૮ કિ.મી.) | સુડાવડ અને તેની આસપાસનો વિસ્તાર તા.બગસરા, જિલ્લો અમરેલી કડાયા, ભટ્ટવાવડી, કાંકચિયાળા, ભલગામ, લુંઘીયા, ઝાંઝેસર, ઘોડાસણ અને તેની આસપાસનો વિસ્તાર તા.વિસાવદર, જિલ્લો જુનાગઢ | ૪૯૬.૪૧ |

આ જાહેર નોટીસથી જેટકો, વિજરેષા / ઓવર હેડલાઇનોને પાથરવાની કામગીરી દરમિયાન જાહેર જનતાના સાથ અને સહકારની અપેક્ષા રાખે છે. જેટકો દ્વારા આ બાબતે જે તે ઝાડ કે ખેતીને નુકશાન કે ખોટ ઉભી થાય તો તે માટે કાયદા મુજબ વ્યાજબી વળતર ચુકવવામાં આવશે, તથા સરકારશ્રીના ઠરાવ ક્રમાંક :- GET ૧૧-૨૦૧૫ - GOI - ૧૯૯ - K તા.:-૩૧-૧૨-૨૦૨૧ મુજબ જામીનની કિંમતના જંત્રી ભાવ મુજબ વળતર ચુકવવામાં આવશે.

મુખ્ય ઇજનેરશ્રી (પ્રોજેક્ટ)
ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમીટેડ
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૭-૧૧-૨૦૨૪ બુધવાર

# ઈલોન મસ્કના સાહસો આપણા આ દુનિયાને તરત બદલવાની ક્રાંતીકારી તાકાત ધરાવે છે

ઈલેક્ટ્રિકવ્હીકલ, અવકાશ યાત્રાથી લઈને મંગળ પર માનવ વસાહત સ્થાપવાની ઝંખના અને તેને અમલમાં મૂકવાના પ્રયાસો શરૂ કરવા માટેના અનોખા વિચારો સાથે જગતના ચોકમાં ઊભા રહેવા માટે પ્રખ્યાત ઈલોન મસ્ક સુખ્યાત છે અને ફરી એકવાર બધાને તેમની ન્યુરાલિંક યોજનાથી ચોંકાવી દીધા છે. તેણે સોશિયલ મીડિયા સાઈટ પર માહિતી આપી કે આ પગલું માનવ જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકાના નવા યુગની શરૂઆત સાબિત થઈ શકે છે. અન્ય કંપનીઓએ ન્યુરાલિંક પહેલા આ કામ કર્યું છે. બ્લેકરોક ન્યુરોટેક નામની કંપની, જે આ ક્ષેત્રમાં ન્યુરાલિંકની હરીફ છે, તે ઘણા માણસોના મગજમાં આવી ચિપ ઈમ્પ્લાન્ટ કરી ચૂકી છે. વેલ, ન્યુરાલિંકની આ પહેલ મોટી છે, પરંતુ શરૂઆતમાં ફક્ત તે લોકોને જ ફાયદો થશે, જેમણે કોઈ કારણસર પોતાના અંગો ગુમાવ્યા હોય અથવા તેમના અંગો નકામા થઈ ગયા હોય. આવા દર્દીઓ માટે માત્ર વિચારીને ફોન, કોમ્પ્યુટર કે અન્ય આવા ઉપકરણોનો ઉપયોગ કરવાની ક્ષમતા વરદાન સાબિત થઈ શકે છે.

મગજમાં ફિટ કરવાની કોમ્પ્યુટર ચિપ એક ચમત્કાર તો છે જ પરંતુ એની હવે પછીની સંશોધન જનરેશન મનુષ્યને બ્રહ્માંડ સમજવામાં ઉપયોગી થશે. થોડી આગળ વાત કરીએ તો તેનાથી એવા લોકોને પણ ફાયદો થઈ શકે છે જેમના શારીરિક અંગો સ્વસ્થ છે, પરંતુ માનસિક બિમારીઓને કારણે તેઓ તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતા નથી. ઉદાહરણ તરીકે, આ ચિપ માત્ર અલ્ઝાઈમર, પાર્કિન્સન્સના કેસમાં જ નહીં, પણ ડિપ્રેશન અને વ્યસનના કિસ્સામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે રોગોની સારવાર આ પ્રયોગનું માત્ર એક પાસું છે. માત્ર મસ્ક જ નહીં, આ પ્રયોગ પર કામ કરતા અન્ય લોકોએ પણ ખરેખર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા માનવ મગજની ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેથી આજે નહીં તો કાલે મામલો એ દિશામાં જશે.

વિજ્ઞાન હવે ટેકનોલોજીના માધ્યમથી મનુષ્યની એ મૂળભૂત શક્તિઓને સમાંતર કામ કરે છે જે ક્ષમતાઓને લીધે મનુષ્યે પૃથ્વીના સર્વ જીવલોક પર પોતાનું એકચક્રી શાસન સ્થાપિત કર્યું છે. મનુષ્યના વિચારલોક સંદર્ભમાં ન્યૂરો લિંગ્વિસ્ટિક પ્રોગ્રામિંગ અને હિપ્રોટિઝમ તથા અર્ધ જાગ્રત મન પર અનેક વિદ્વાનોએ વૈવિધ્યપૂર્ણ કામ કર્યા છે અને એને અનુસરનારો પણ એક ચાહક વર્ગ છે. પરંતુ હવે જે દિશામાં વિજ્ઞાન અને ટેકનોલોજી કામ કરે છે તે અજાયબ છે અને અમેરિકન પ્રમુખની ચૂંટણીના પરિણામો જેમ એના કંઈ ઢોલ વાગવાના હોતા નથી. આ બધી છાને પગલે થતી ક્રાન્તિ છે જે મનુષ્યની આવતીકાલ સદંતર બદલવાની તાકાત ધરાવે છે. ઈલોન મસ્ક એ દિશાનો કોલંબસ કક્ષાનો સાહસિક યાત્રી છે.

મગજમાં ચિપ દ્વારા વિશ્વભરની માહિતી ડાઉનલોડ કરવાનો અને માહિતી સંગ્રહિત કરવાની માણસની ક્ષમતામાં વધારો કરવાનો વિચાર ખૂબ જ આકર્ષક છે. પરંતુ આમાં ખતરો પણ ઓછો નથી. એના પછીની નીચેની લીટી એ છે કે આવી ચિપ છ મહિના અથવા એક વર્ષ માટે નહીં, પરંતુ લાંબા સમય (૧૦-૨૦ વર્ષ અથવા તેથી વધુ) માટે સેવા આપશે. પરંતુ મગજ અને ચિપ વચ્ચેનો તાલમેલ આટલો લાંબો સમય ચાલશે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ અભ્યાસ થયો નથી. જો કે, ન્યુરાલિંકનો વાસ્તવિક હેતુ મનુષ્ય અને કમ્પ્યુટરને જોડવાનો છે. આનો અર્થ એ થયો કે ભવિષ્યમાં આપણે ફક્ત વિચાર કરીને જ વસ્તુઓને નિયંત્રિત કરી શકીશું, તે સાયન્સ ફિક્શન ફિલ્મો જેવું લાગે છે. પરંતુ આ અંગે હજુ પણ ઘણા પ્રશ્નો છે. ઉદાહરણ તરીકે, શું આ ટેક્નોલોજીનો દુરુપયોગ થઈ શકે છે? હાલમાં, આ ટેક્નોલોજી તેના પ્રારંભિક તબક્કામાં છે અને તેની દૂરોગામી અસરને સમજવામાં વધુ સમય લાગશે.

જો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આગાહી પ્રમાણે આગળ વધવાનું ચાલુ રાખે, તો ન્યુરાલિંક જેવા ઉપકરણો મનુષ્યને સંપૂર્ણપણે બદલી શકે છે. કલ્પના કરો, આપણે આપણા મનથી ડ્રોન, સેલ્ફ-ડ્રાઈવિંગ કારને સીધા જ નિયંત્રિત કરી શકીશું. સુપર કોમ્પ્યુટર ચેસ રમી શકશે અથવા પ્રોટીન સ્ટ્રક્ચર જેવા જટિલ વૈજ્ઞાનિક પ્રયોગો પર દેખરેખ રાખી શકશે. આ કરવું બહુ મુશ્કેલ નથી, કારણ કે આજની ટેક્નોલોજી પણ ઘણી હદ સુધી આ કરી શકે છે. વાયર વિના મોબાઈલ ફોન અને લેપટોપનો ઉપયોગ કરીએ છીએ; કોઈપણ વાયર વિના તેમની બેટરી ચાર્જ કરવાની ટેક્નોલોજી પહેલેથી અસ્તિત્વમાં છે. આવી સ્થિતિમાં એ કલ્પના કરવી અઘરી નથી કે ભવિષ્યમાં આપણા મગજમાં લગાવેલી ચિપ આસપાસના ઉપકરણોને નિયંત્રિત કરી શકશે અને તેને વાયર વગર ચાર્જ કરી શકાશે.

અગાઉ સામસામી ફરિયાદનું મનદુ:ખ રાખી

# જાફરાબાદ નજીક વડલી ગામની સીમ વચ્ચે યુવાન ઉપર હુમલો કર્યો

## પાઈપ, લાકડી અને ઢીકાપાટું વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ભાડા રોડ ભાડા અને વડલી ગામની સીમની વચ્ચે વડલી ગામના મહેશભાઈ વીરાભાઈ બારૈયા તથા અશ્વિન કેશુભાઈ સાંખટના બાપુજી કેશુભાઈ કુંભાભાઈ સાંખટ સાથે અગાઉ ઝગડો થયેલ હોય.અને સામસામે ફરિયાદ કરેલ હોય.જેનું મનદુઃખ રાખી મહેશભાઈએ તેના વાડીએ આવેલ મકાનેથી ટીંબી ગામે કામ માટે તેમનું બાઈક લઈને જતા હોય.તે દરમ્યાન સાંજના પાંચેક વાગ્યે ભાડા ચીત્રાસર રોડ ઉપર પહોંચતા અશ્વિન કેશુભાઈ સાંખટ, જોરૂ દાનુભાઈ ઝાલા, રવજી મેપાભાઈ મકવાણા, રહે.વડલીવાળા બાઈક ઉપર આવી અશ્વિને મહેશભાઈને જમણા હાથે પાઈપ મારી દેતા તેઓ ખાળીયામાં પડી ગયેલ.ત્યાં ત્રણેય આરોપીઓએ જઈ જેમફાવે તેમ ગાળો બોલી અશ્વિને જમણા હાથે પાઈપ મારી જોરૂએ વાસામાં તથા શરીરે આડેધડ લાકડીના ઘા મારી મુંઢ ઈજા કરી રવજીએ ઢીકાપાટું વડે મુંઢમાર મારી મહેશભાઈને જમણા હાથમાં ફેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની નાગેશ્રી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

નાનાભાઈએ પ્રેમિકાને ભગાડી પ્રેમ લગ્ન કરી લેતા

# વડિયાના ખજુરીમાં માતા પર હુમલો કરી વાહનો અને ઘરવખરીને નુકશાન કર્યુ

## ૧૧ શખ્સોએ બોલેરોમાં આવી વાહનો અને ઘરવખરીને નુકશાન કરી ધમકી આપી

અમરેલી, વડિયાના ખજુરી ગામે તા.૨૫-૧૧ ના રણજીતભાઈ વિનુભાઈ સરસૈયા ઉ.વ.૨૫નો નાનો ભાઈ કેવલે તેમના સમાજની કાજલબેન પુનાભાઈ ગમારા રહે. થુંબારા તા.વિસાવદર સાથે પ્રેમસબંધ હોય.જેથી આજથી ચારેક દિવસ પહેલા કેવલે તેની પ્રેમિકા કાજલબેનને ભગાડી લઈ જઈ તેની સાથે પ્રેમલગ્ન કરી લેતા કાજલબેનના પરીવારના સભ્યોને સારૂ નહી લાગતા મનદુઃખ રાખી હરી કાનાભાઈ ગમારા,ઘુઘા ભરવાડ,દેવશી ગોબરભાઈ ખીટ,મામકુ ખીટ,દેવા મેરામભાઈ ખીટ રહે.થુંબારા તા.વિસાવદર,રઘુ ખોડા ભરવાડ રહે.વિસાવદર હાલ રાજકોટ સહિત બીજા પાંચ અજાણ્યા માણસો મળીને કુલ ૧૧ શખ્સો તેમની બોલેરો પીકઅપવાનમાં રણજીતભાઈના ઘર પાસે રાત્રિના આવીને એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી લાકડાના ધોકા તથા બડીયા ધારણ કરી રણજીતભાઈના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘરના ફળીયામાં રહેલ ઈકો ફોરવ્હીલ કારના કાચ ફોડી નાખી તેમજ કેરી કંપનીની ભારવાહક રીક્ષાનો આગળનો કાચ ધોકા મારી ફોડી નાખી તેમજ બાઈકનો આગળનો મોરો તોડી અને દુધ ભરવાના ત્રણ ખાલી કેન તેમજ ઘરના પાણી પીવાના ગોળા ફોડી નાખી આશરે રૂા.૪૦,૦૦૦ નું નુકશાન કરી રણજીતભાઈને ગાળો બોલી તેમના માતાને જમણા હાથના ખંભા ઉપર રઘુ ખોડા ભરવાડે લાકડાનો બડીયો મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં પાંચ સ્થળોએ દેશી દારૂના દરોડા

## જુદા જુદા સ્થળોએથી બે વાહન ચાલકો સહિત ૧૮ નસેડીઓ ઝડપાયા

અમરેલી,અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા પાંચ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી ૪ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.જેમાં નાગેશ્રી, દામનગર, સાવરકુંડલા અને અમરેલી સીટી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જીલ્લામાં પોલિસે બે વાહન ચાલકો સહિત ૧૮ શખ્સોને નશો કરી છાકટા બની નીકળતા ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.જેમાં ખાંભા, જાફરાબાદ ટાઉન, નાગેશ્રી,બગસરા અને દામનગર પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સાતેક મહિનાનો ગર્ભ હોવાથી સોનોગ્રાફી કરાવવા પૈસા માંગતા

# લાઠીના શાખપુરમાં પરીણીતાને મારમારી ધમકી આપી

## પતિ સહિત સાસરીયાઓએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,લાઠી તાલુકાના શાખપુર ગામે રહેતી જાગૃતિબેન પ્રવિણભાઈ સોલંકી ઉ.વ.૩૦ રસોઈ કરવાની તૈયારી કરતી હોય.અને તેમને સાતેક મહિનાનો ગર્ભ હોય.અને સોનોગ્રાફી કરાવવા પતિ પ્રવિણ સોમાભાઈ સોલંકી પાસે પૈસા માંગતા તેમણે કહેલ કે તારા પિતાના ઘરે જતી રહે.તારા પિતાએ ખર્ચ કરવાનો છે.જેથી જાગૃતિબેને પ્રવિણને કહેલ કે મે તમારી સાથે લગ્ન કરેલ છે.અને તમારે જ ખર્ચ આપવાનો છે. જેથી પ્રવિણે ઉશ્કેરાઈ ગાળો બોલી ઉમાબેન સોલંકીએ પકડી રાખતા પ્રવિણે પગમાં લાકડાનો ધોકો મારી મુંઢ ઈજા કરી સોમા સોલંકી તથા રાકેશ સોલંકીએ ગાળો બોલી શારીરીક અને માનસિક દુઃખત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાળીયામાં પરીણીતાને ત્રાસ આપી મારમાર્યો

## સાસરીયાઓએ મેણા મારી ત્રાસ આપી મારમાર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

અમરેલી તાલુકાના જાળીયા ગામે રવિનાબેન હાર્દિકભાઈ સાંગાણી ઉ.વ.૨૭ ના લગ્ન ૨૦૧૭ ની સાલમાં હાર્દિક ગુણવંતભાઈ સાંગાણી સાથે થયેલ.અને થોડો સમય સાસરીયામાં સારી રીતે રાખેલ.અને ત્યારબાદ હાર્દિક ગુણવંતભાઈ સાંગાણી, ગુણવંત પ્રાગજીભાઈ સાંગાણી ,વિલાસબેન ગુણવંતભાઈ સાંગાણીએ રવિનાબેનને કરીયાવર અંગે મેણા મારી શારીરીક અને માનસિક ત્રાસ આપી પતિ હાર્દિકે જેમફાવે તેમ ગાળો બોલી ઢીકાપાટું વડે મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં ૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે બે ઝડપાયા

## પોલિસે ઝડપી લઈ રૂા.૧૦,૩૯૬ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)સાવરકુંડલા દેવળા ગેઈટ વિસ્તાર નેસડી રોડ પીકઅપ બસસ્ટેશન પાસે હે.કોન્સ.જીતુભાઈ સરવૈયાએ સાવરકુંડલાના વિમલ કાળુભાઈ આંબલીયા તથા અનંતરાય ધીરજલાલ હરીયાણીને અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૭૫ બોટલ રૂા.૧૦,૩૯૬ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

મકાન ભાડે આપી પોલિસને જાણ ન કરી

# અમરેલી-લીલીયામાં જાહેરનામાનો ભંગ કરાતા પોલીસમાં ગુના દાખલ કરાયાં

અમરેલી,પોતાના મકાનો ભાડે આપી પોલિસ સ્ટેશનમાં જાણ ન કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા અમરેલી ચિતલ રોડ શ્રીરંગ સોસાયટીમાં વિનુભાઈ મીઠાભાઈ ખડોદરા તેમજ લીલીયામાં કાળુભાઈ દેવશીભાઈ વાઘેલાએ પોતાના મકાનો ભાડે આપી પોલિસમાં જાણ ન કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતા પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી.

સરકાર દ્વારા ટાટની પરિક્ષામાં ૩૮૭૩૦ પાસ થયાં પણ

# માત્ર ૭૫૦૦ શિક્ષણ સહાયકોની ભરતી કરવાના સરકારના નિર્ણયથી અન્યાય

## ૫૭૦૦ જુના શિક્ષકો અને ૧૨૦૦ આચાર્યોની ભરતી બાદ ૬૯૦૦ જગ્યાઓ ભરે તો લાભ મળે



સાવરકુંડલા, રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૩ માં TAT(S) અને TAT(HS)માં દ્વીસ્તરીય પરીક્ષા લેવાયેલ હતી. જેમાં કુલ ૩૮,૭૩૦ જેટલા ઉમેદવારો પાસ થયેલ છે. રાજ્યમાં સરકાળી અને ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત શિક્ષણ સહાયકોની ૧૫૦૦૦ કરતા વધુ જગ્યાઓ ખાલી છે. તેમજ ૩૧/૧૦/૨૦૨૪ સુધીમાં ઘણા શિક્ષણ સહાયકો નિવૃત્ત થનાર છે. તેની સામે માત્ર ૭૫૦૦ શિક્ષણ સહાયકોની ભરતી કરવાના રાજ્ય સરકારના નિર્ણયથી લાખો ઉમેદવારોને અન્યાય થાય તેમ છે. તો અંદાજીત ૫૭૦૦ જૂના શિક્ષકો અને ૧૨૦૦ આચાર્યોની ભરતી પ્રક્રિયા પર્ણ થયા બાદ તેમની ખાલી પડેલી અંદાજિત ૬૯૦૦ જેટલી જગ્યાઓને ચાલુ ભરતીમાં સમાવિષ્ટ કરવામાં આવે તો ઘણા ઉમેદવારોને લાભ મળી શકે એમ છે ને આપશ્રીને રજૂઆત કરીએ છીએ તથા રોસ્ટર પ્રમાણે મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવાથી રાજ્યનાં શિક્ષણ ઉપર પણ ગભીર અસરો થઈ શકે છે. આ બાબત ધ્યાને લઈ શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ સહાયકની ભરતીમાં વધારો કરવા સુચન કરવામાં આવે અને વધુમાં જણાવવાનું કે, ભરતી પ્રક્રિયા ક્રમિક રીતે કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવેલ છે વધુમાં વધુ ઉમેદવારોને રોજગારીની તક મળી રહે, ઘણા ઉમેદવારો મિત્રોને વયમર્યાદાનો પર પણ છે તેમજ પારિવારિક જવાબદારીઓ હોવાથી વારંવાર પરીક્ષાની તૈયારી કરી શકાય તેમ નથી. ભરતી પ્રક્રિયામાં નાહક વિલંબ થઈ રહેલ હોઈ, આથી ભરતી પક્રિયા પણ કરવામાં આવે તેવી અમો ઉમેદવારો આશા રાખવામાં આવે છે.આ બાબતે વિધાર્થીઓ દ્વારા રાજ્યપાલ અને સબંધિત વિભાગ નાં વડા ને પત્ર અને આવેદનપત્ર પાઠવી યોગ્ય પગલા લઈ અમો ઉમેદવારોની લાગણી અને માંગણીને ન્યાય મળે તેવા શુભ આશય થી આવેદનપત્ર પાઠવેલ

એનસીઇઆરટી ન્યુ દિલ્હી અને સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર દ્વારા

# રાજ્ય કક્ષાએ યોજાયેલા કલા ઉત્સવમાં અમરેલીનો વિદ્યાર્થી તૃતીય ક્રમે આવ્યો

## અમરેલી સરસ્વતી વિદ્યા મંદિરનું રાજ્યમાં ગૌરવ વધાર્યુ



અમરેલી,અમરેલી શહેરમાં શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિમાં અગ્રેસર શ્રી સરસ્વતી વિદ્યામંદિર (SSVM)-અમરેલીના માધ્યમિક વિભાગ ધો.૯ના વિદ્યાર્થી રાજ યોગેશભાઈ ભટ્ટ NCERT યુ દિલ્હી અને સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરના ઉપક્રમે રાજય કક્ષાનો કલા ઉત્સવ તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ જેમાં સમગ્ર રાજયમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી અમરેલી જિલ્લા તથા સરસ્વતી વિદ્યામંદિર-અમરેલીને ગૌરવવંતુ સ્થાન અપાવેલ છે. તેમ શાળાના આચાર્યશ્રી નિરૂપમાબેન મહેતાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જીલ્લા કાઠી સમાજના પ્રમુખ તરીકે અશોકભાઈ ખુમાણની વરણી

## શ્રી અશોકભાઇ ખુમાણની વરણીને સર્વત્ર આવકાર



સાવરકુંડલા,

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામના પૂર્વસરપંચ, સાવરકુંડલા કાઠી વિધાર્થી બોર્ડિંગ ના પ્રમુખ અને અમરેલી જીલ્લાના અગ્રણી અશોકભાઈ રામબાપુ ખુમાણ ની અમરેલી જીલ્લા અખીલ ભારતીય કાઠી સમાજ ના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા સમગ્ર અમરેલી જીલ્લા માંથી રાજકીય, સામાજિક અગ્રણીઓ, સંતો મહંતો તેમજ સાવરકુંડલા જૈન સમાજના અગ્રણી જયેશભાઈ માટલીયા, બ્રહ્મ સમાજના નિવૃત ફૌજી અતુલભાઈ જાની, કાઠી સમાજના યુવા અગ્રણી ભરતભાઈ ગીડા, ભરતભાઈ વીછીયાં, સાધુ સમાજના અમીતગીરી ગોસ્વામી, કોળી ઠાકોર સમાજના લક્ષમણભાઈ કલાડિયા વગેરે સર્વ સમાજના અગ્રણીઓ દ્વારા અશોકભાઈ રામબાપુ ખુમાણ ની અમરેલી જીલ્લાના અખીલ ભારતીય કાઠી સમાજ ના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા શુભેચ્છા પાઠવી હતી.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૨૭.૧૧ .૨૦૨૪ , બુધવાર ,સંવંત ૨૦૮૧, કારતક વદ બારસ , ચિત્રા નક્ષત્ર , આયુષ્માન યોગ, કૌલવ કરણ , આજે સાંજે ૬.૦૮ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ ,ઠ ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે .

## શું તમારી જન્મકુંડળીમાં ટ્વિન ફ્લેમ સંબંધો છે??

ટ્વિન ફ્લેમ સંબંધો એ આત્મિક સંબંધ છે. ટ્વિન ફ્લેમ સંબંધોમાં બંને વ્યક્તિઓ વચ્ચે એક ઊંડું આધ્યાત્મિક જોડાણ હોય છે, જે તેમને એકબીજાની આત્માને ઓળખવામાં મદદ કરે છે. આ પ્રકારના સંબંધોમાં વ્યક્તિ સામી વ્યક્તિ વિના રહી શકતો નથી અને જીવનના ઉચ્ચ આયામ પર તેની સાથે જવા માંગે છે જે તેમને વ્યક્તિગત અને આધ્યાત્મિક વિકાસ તરફ દોરી જાય છે.જો કે ટ્વિન ફ્લેમ સંબંધો ઘણીવાર જટિલ અને મુશ્કેલ હોઈ શકે છે, કારણ કે તેઓ બંનેના આંતરિક સંઘર્ષોને બહાર લાવે છે પરંતુ આ સંબંધમાં પ્રેમ અને સમર્પણની ઊંડાઈ હોય છે, જે બંનેને એકબીજાની બાજુમાં રહેવા માટે



સતત પ્રેરણા આપે છે. જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ જોઈએ તો શુદ્ધ પ્રેમ માટે અને આત્મિક પ્રેમ માટે સૂર્ય ગુરુ અને શુક્ર બળવાન જોઈએ વળી જયારે જીવનમાં કોઈ વ્યક્તિ આવે છે ત્યારે તે તમારો આત્મિક સંબંધ છે કે કેમ તે તપાસવા માટે ણાનુબંધનના ગ્રહ રાહુ અને કેતુને તપાસવા પડે છે અને એક વ્યક્તિના રાહુ કેતુનું સામી વ્યક્તિના સૂર્ય ચંદ્ર સાથે કનેક્શન થાય છે કે કેમ તે જોવું અત્યંત જરૂરી છે વળી સૂર્ય ગુરુ અને શુક્ર એકબીજાના પૂરક બનતા હોય તો તે સંબંધ આત્મિક સંબંધ બને છે જેને આપણે ટ્વિન ફ્લેમ સંબંધ તરીકે ઓળખીએ છીએ. આ માટે બેઉની જન્મકુંડળી અને નવમાંશનો ગહન અભ્યાસ પરિણામલક્ષી બને છે.

મેષ (અ,લ,ઈ) : તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
વૃષભ (બ,વ,ઉ) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.
મિથુન (ક,છ,ઘ) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ,પ્રગતિ થાય,આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
કર્ક (ડ,હ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય,મિત્રોની મદદ મળી રહે.
સિંહ (મ,ટ) : તમારા યોગ્ય વાણી-વર્તન થી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો,સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો ,શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ) : તમારા ક્ષેત્ર માં તમે આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
તુલા (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો .
વૃશ્ચિક (ન ,ય) : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ ): નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય,ધંધા રોજગાર માં સારું રહે,પ્રગતિ થાય.
મકર (ખ,જ) : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથમાં આવે.
કુંભ (ગ ,સ,શ) : ભ્રમની સ્થિતિઓમાં થી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
મીન (દ,ચ,ઝ,થ): આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા અમરેલીમાં કિસાન મેળો યોજાયો

## બેંક ઓફ બરોડા અને નેચરલ ફાર્મિંગનો સહયોગ



અમરેલી,કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે બેન્ક ઓફ બરોડા તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનીવર્સિટીના સહયોગથી બરોડા કિશાન મેળાનું આયોજન તા. ૨૨/૧૧/૨૦૨૪ના થયુંહતું.કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે બેન્ક ઓફ બરોડા તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનીવર્સિટીના સહયોગથી બરોડા કિશાન મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિધ્યાલય ના કુલપતિશ્રી ડો. સી. કે. ટીંબડિયા સાહેબ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. આર. એ. ગુર્જર, રિસોર્સપર્સન ડો. વી. પી. રામાણી, પ્રાકૃતિક ખેતી સંયોજકશ્રી, પ્રફુલભાઈ સેંજલિયા તેમજ બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, શુષિલ કુમાર, રીજનલ મેનેજર ડો. રાજેશ ભાખર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૪૦૦ ખેડૂતોએ હાજર રહ્યા હતા. ઉપસ્થિત ખેડૂત મીત્રોને સંબોધતા ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનીવર્સિટીના કુલપતિશ્રી ડો. સી. કે. ટીંબડિયા સાહેબ દ્વારા પ્રાકૃતિક કૃષિની આજની પરિસ્થિતિમાં જરૂરિયાત તરફ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યુંહતું કે આવનારી પેઢીને વારસામાં આપવા માટે મિલકત રૂપી ફળદ્રુપ સારી જમીન તથા સામુદાયિક આરોગ્ય માટે પ્રાકૃતિક કૃષિ સિવાય કોઈ વિકલ્પ નથી. તેમ જણાવી કુદરત તરફ પાછા વળો એને ગામડા તરફ પાછા વળો ના અભિગમ અંગેની જરૂરિયાત જણાવી ફેમીલી ડોક્ટર ની જેમ ફેમીલી ફાર્મર નક્કી કરવા આ સમયની જરૂરીયાત છે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. આર. એ. ગુર્જર સાહેબે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તથા તેના પાયાના પાંચ આયામો અંગે વિસ્તૃત સરળ ભાષામાં જણાવી હતી. તેમજ પ્રાકૃતિક ખેતી સંયોજકશ્રી, પ્રફુલભાઈ સેંજલિયાએ પણ ખેડૂત હિતને કેન્દ્રમાં રાખીને પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની આવશ્યકતા છે એવું જણાવ્યું હતું.આ કિશાન મેળાનું આયોજન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્યશ્રી, ડો. એસ. પી. દેશમુખ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, બી. ડી. મકવાણા, ડો. બી. આર. ગોંડલીયા, પી. આર. જાગાણી, કુ. એચ. વી. ગજેરા તથા બેંક ઓફ બરોડની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધારીના દલખાણીયામાં પ્રૌઢને ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)ધારી તાલુકાના દલખાણીયા ગામે ભાવેશભાઈ કનુભાઈ યાદવ ઉ.વ.૪૦ ની દુકાને જઈ ગામના નુરમહમદ ઉર્ફે મુન્નો વજીરભાઈ બ્લોચએ કહેલ કે તું મને પુછયા સિવાય દુકાન ખોલતો નહી જો દુકાન ખોલી તો તારી દુકાન સળગાવી દઈશ.તેમ કહી જાનથી મારી નાખ્યાની ધમકી આપ્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૪૦ થી ૧૫૩૦ મગફળી ૮૪૦ થી ૧૨૧૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૬૦-૧૧૦૧
શિંગમોટી-૮૪૦-૧૨૧૧
શીંગફાડા-૮૦૦-૧૩૪૦
તલસફેદ-૧૬૦૦-૨૮૮૫
તલકાળા-૨૫૦૦-૪૩૦૦
જુવાર-૩૨૦-૮૨૦
ઘઉંટુકડા-૫૬૦-૭૨૦
ઘઉંલોકવન-૫૬૨-૬૮૭
ચણા-૭૦૦-૧૩૬૦
કપાસ-૮૪૦-૧૫૩૦
ધાણા-૧૧૪૦-૧૩૬૫
સોયાબીન-૬૫૦-૮૩૨
અડદ-૮૫૦-૧૫૦૦
મેથી-૭૨૫-૧૧૨૦
મરચાલાંબા-૮૮૦-૨૫૯૦
જીરૂ-૩૬૭૫-૪૪૭૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૪૦-૫૪૦
રીંગણા-૨૦૦-૫૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૬૫૦-૭૫૦
સુરણ-૮૦૦-૯૦૦
ફોદીનો-૪૦૦-૬૦૦
ગાજર-૪૦૦-૬૦૦
ગલકા-૫૦૦-૭૦૦
કાકડી-૩૦૦-૬૦૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
દુધી-૧૦૦-૨૦૦
તુરીયા-૬૦૦-૯૦૦
ભીડો-૫૦૦-૬૦૦
આદુ-૭૦૦-૯૦૦
કોથમીર-૪૦૦-૬૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૩૦૦-૪૫૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૪૦૦-૮૦૦
મુળા-૨૦૦-૩૦૦
લીંબુ-૬૦૦-૮૦૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૫૧-૬૫૦
સોયાબીન-૭૬૧-૭૯૫
ઘઉં-૫૭૧-૭૦૧
જુવાર-૫૦૦-૮૩૦
કપાસ-૧૩૯૧-૧૪૯૫
તલસફેદ-૨૧૦૦-૨૪૫૦
અડદ-૧૧૦૦-૧૮૭૫
મગ-૨૧૦૦-૩૦૦૧
શીંગ-૯૦૦-૧૧૧૫
ચણા-૯૦૧-૧૬૩૬

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૦૧-૮૩૧
ડુંગળીલાલ-૨૦૦-૩૭૦
તલસફેદ-૧૮૨૫-૨૫૦૬
અડદ-૮૦૦-૧૫૯૯
સોયાબીન-૬૬૬-૯૦૦
શીંગ ૬૬-૧૧૨૧-૧૨૪૨
ડુંગળીસફેદ-૨૦૦-૭૫૧
જીરૂ-૩૯૦૦-૪૬૨૭
બાજરી-૪૬૧-૬૨૨
જુવાર-૫૦૪-૧૦૦૯
નાળીયેર-૩૦૦-૧૮૮૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૬૦-૧૫૪૫
તલકાળા-૩૧૨૫-૩૮૭૫
મગફળી-૧૧૩૯-૧૧૯૧
ચણા-૧૧૬૦-૧૩૩૦
અડદ-૧૨૩૦-૧૩૯૦
તલસફેદ-૨૦૮૦-૨૩૧૦
સોયાબીન-૭૮૨-૭૯૮
કપાસકોડી-૧૨૩૦-૧૩૯૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૦૦૫-૧૫૦૧
ચણા-૧૦૦૦-૧૨૧૦
મગફળી-૮૫૧-૧૨૨૧
અડદ-૧૨૩૬-૧૨૬૦
તલ-૨૦૦૦-૨૩૦૦
સોયાબીન-૬૮૦-૮૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૧૦૦૦-૧૦૭૧
શીંગમોટી-૧૧૦૦-૧૨૦૧
અડદ-૧૧૦૦-૧૬૭૫
તલસફેદ-૧૭૫૦-૨૪૦૦
કપાસ-૧૪૦૦-૧૫૩૦
ઘઉંલોકવન-૫૫૦-૬૫૨
જીરૂ-૪૧૨૫-૪૫૫૦
ઘઉંટુકડા-૫૭૦-૬૩૬
ચણા-૧૨૫૦-૧૫૦૦
સોયાબીન-૭૫૦-૮૪૦
બાજરો-૪૫૦-૬૧૬

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૪૨૫-૧૪૮૧
મગફળી-૯૩૨-૧૧૦૨

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૫૧૬

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૫૫૭
અડદ-૬૪૦-૧૩૬૫
મગફળી-૭૦૦-૧૦૦૦
જુવાર-૭૪૫-૭૪૫
સોયાબીન-૭૧૨-૭૮૦
ઘઉં-૪૬૫-૪૯૫
બાજરો-૪૯૦-૪૯૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૫૦૦
દાડમ-૧૦૦૦-૨૦૦૦
મુસંબી-૪૦૦-૧૧૦૦
સંતરા-૫૦૦-૭૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૬૦૦
અનાનસ-૮૦૦-૧૨૦૦
જામફળ-૨૦૦-૬૦૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૬૦૦-૮૦૦
સીતાફળ-૨૦૦-૧૦૦૦
સફરજન કાશ્મીર-૧૬૦૦-૨૦૦૦

**અમરેલી આજનું તાપમાન**
મહ ામ તાપમાન-૩૦.૮
ન્યુનતમ તાપમાન -૧૬.૬
ભેજનું પ્રમાણ -૫૧
પવનની ગતિ સરેરાશ -૬.૦

### રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને પત્ર પાઠવ્યો

# લાઠી-દામનગરમાં સરકારી કોલેજ આપો : શ્રી તળાવીયા

## પોતાના મત વિસ્તારમાં વિકાસલક્ષી કામો માટે મુખ્યમંત્રીને ધારદાર રજુઆત કરતાં ધારાસભ્ય શ્રી જનક તળાવીયા



લાઠી,

લાઠી બાબરા વિસ્તારમાં શ્રી જનકભાઈ તળાવીયા ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ પોતાના વિસ્તારના વિકાસ કામો માટે સતત ચિંતા કરી રહયા છે અને બીજા વિસ્તારોની જેમ પોતાનો વિસ્તાર પણ વિકાસથી વંચીત ન રહે તેવા ઉમદા હેતુથી કામો કરી રહયા છે, રોડ રસ્તાના કામો હોય, પાણી માટેના કામો હોય, સિંચાઈને લગત કોઈ કામો હોય કે પછી પોતાના વિસ્તારના લોકોના કોઈ પ્રશ્નો હોય તો આ તમામ બાબતે લાઠી બાબરા દામનગર વિસ્તારના જાગૃત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા દ્વારા પોજેટીવ નિકાલ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. જનકભાઈ તળાવીયા ધારાસભ્ય તરીકે ચાર્જ સંભાળતાની સાથે જ ગ્રામ્ય વિસ્તારોના અનેક કાચા રસ્તાને ડામર રોડ બનાવવા, તે રસ્તાઓમાં પુલ, બ્રિજ કે નાળાના કામો, સિંચાઈ માટે તળાવ ઉંડા કરવાના કામો, બંધારા ઉંડા ઉતારવાના કામો, ચેકડેમો તળાવો રીપેરીંગ કરવાના કામો આવા અનેક કામો મંજુર કરાવવામાં આવ્યા છે તેમજ આરોગ્ય સેવા માટે પણ પોતાનો વિસ્તાર પાછળ ન રહે તેવા ઉમદા હેતુથી તાજેતર માં જ લાઠી ખાતે રૂા.૫૫ કરોડની માતબાર રકમના ખર્ચે નવી સીવીલ હોસ્પીટલ મંજુર કરાવી લાવ્યા છે ત્યારે હાલ લાઠી દામનગર વિસ્તારના વિધાર્થીઓને ધોરણ ૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે અમરેલી સુધી જવું પડે છે જે બાબત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાના ધ્યાને આવતા જ તેમણે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રીશ્રી રૂષીકેશભાઈ પટેલને પત્ર પાઠવી લાઠી તેમજ દામનગર ખાતે નવી સરકારી કોલેજ શરૂ કરવા માટે રજુઆત કરી છે.

આ પત્રમાં ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાએ જણાવવામાં આવ્યુ છે કે, અમરેલી જીલ્લાના લાઠી, દામનગર વિસ્તારના વિધાર્થીઓને ધોરણ-૧૨ બાદ ઉચ્ચ અભ્યાસ અર્થે અમરેલી જીલ્લા મથકે અપડાઉન અથવા અમદાવાદ જેવા મહાનગરોમાં ઉચ્ચ અભ્યાસ કરવા જવું પડે નહી અને આ તમામ વિધાર્થીઓને તાલુકા મથકે જ ઉચ્ચ શિક્ષજ્ઞણ મળી રહે તે હેતું થી લાઠી અને દામનગર ખાતે નવી સરકારી સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજ આગામી બજેટમાં નવી બાબત તરીકે સમાવેશ કરી મંજુર કરવા ખાસ અંગત ભલામણ ધારાસભ્યશ્રી દ્વારા કરવામાં આવેલ છે. ધારાસભ્યશ્રીની આ રજુઆતને વિસ્તારના સૌ લોકોએ આવકારી છે. તેમજ આગેવાનો તેમજ આ વિસ્તારના લોકો દ્વારા ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ધારી દામાણી હાઇસ્કૂલનુ ગૌરવ



ધારી, (ઉદય ચોલેરા) શ્રી જી.એન.દામાણી હાઈસ્કૂલના મદદનીશ શિક્ષકશ્રી દિનેશભાઈ ચાવડા કે જે એન.સી.સી.ઓફિસર તરીકે સરસ કામગીરી બજાવે છે. એઈટ બટાલિયન ગુજરાત એન.સી.સી.તરફથી શ્રેષ્ઠ એન.ઓ. તરિકે કામગીરી સબબ રાષ્ટ્રીય એન.સી.સી.દિવસના દિવસે રાજકોટ ખાતે એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો. આ તકે શાળાના આચાર્ય શ્રી માનસિંહ બારડ, શ્રી જી.એન.દામાણી શાળા પરિવાર તથા ધારી ગ્રામ પંચાયત સરપંચ શ્રી ભુપતભાઈ વાળાએ શ્રી ડી. એલ.ચાવડાને અભિનંદન પાઠવ્યા છે.

# રાજકોટમાં 'મેઘાણી સ્મૃતિ'ની મુલાકાત લઈને પૂજયશ્રી મોરારિબાપુએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

## 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું દરેક સ્મરણ અને સ્મૃતિ-સ્થળ મારા માટે તીર્થ સમાન છે' : પૂ. મોરારિબાપુ




અમરેલી,

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની બાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટના સદર વિસ્તારમાં આવેલી ૧૫૫-વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮માં વિશ્વવિખ્યાત સંત-કથાકાર, સંસ્કૃતિ-સાહિત્ય-સંગીત-શિક્ષણ-પ્રેમી પૂ. મોરારિબાપુએ પાવન પગલાં પાડીને આશીર્વાદ આપ્યાં હતાં. ઝવેરચંદ મેઘાણીનું દરેક સ્મરણ અને સ્મૃતિ-સ્થળ પોતાના માટે તીર્થ સમાન છે તેમ તેઓએ લાગણીભેર અંજલિ અર્પી હતી. ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં એમના વડવાઓનું વતન બગસરા (જિ. અમરેલી) ખાતે વર્ષ ૨૦૨૬માં ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ-૦૯ માર્ચ આસપાસ માનસ મેઘાણી કથાનો મનોરથ પૂ. મોરારિબાપુએ વ્યક્ત કર્યો હતો. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણીએ પૂ. મોરારિબાપુનું ભાવભર્યું સ્વાગત કરીને હ્રદયથી આભાર માન્યો હતો.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ઉપરાંત ખ્યાતનામ લોકકલાકારો ધીરુભાઈ સરવૈયા અને લલિતાબેન ઘોડાદ્રા, રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ-ચેરમેન પ્રવીણભાઈ નિમાવત, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ના કંપની સેક્રેટરી હાર્દિકભાઈ ચૌહાણ, મદદનીશ ગ્રંથાલય નિયામક લલિતભાઈ મોઢ, પૂ. સંત જલારામબાપા (વીરપુર) પરિવારના ભરતભાઈ ચાંદ્રાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના યુઆરસી શૈલેષભાઈ પાડલીયા, સીઆરસી મનિષાબેન ચાવડા, ભરતભાઈ કાનગડ, વિમલભાઈ રૈયાણી અને ઈલાબેન મોરી, આચાર્ય પૂર્વીબેન ગાંધી અને માલતીબેન વ્યાસ-જોષી, શિક્ષકો સેજલબેન પરમાર, મનિષભાઈ ભાલાળા અને દમયંતીબેન બોરડ, જન્મભૂમિ ચોટીલાથી કિરીટસિંહ રહેવર (મામા), મહિપતસિંહ વાઘેલા, ઉગ્રસેનસિંહ ગોહિલ અને ભરતસિંહ ડાભી, કર્મભૂમિ રાણપુરથી રમેશભાઈ બદ્રેશિયા, સગુણાબેન નલીનભાઈ ભટ્ટ, તુષારભાઈ ભટ્ટ, નેશનલ યુથ પ્રોજેકટના રાજેશભાઈ ભાતેલીયા, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના અનવરભાઈ ઠેબા, મહાત્મા ગાંધી મ્યુઝિયમ (આલ્ફ્રેડ હાઈસ્કૂલ)ના કૃષ્ણકાંતભાઈ દેસાઈ, સંગીતની દુનિયાના નિલેશભાઈ વાવડીયા, ધીરેન્દ્રભાઈ ગોંડલીયા, વાલજીભાઈ પિત્રોડા, પિયૂષભાઈ જાવિયા, સુનિતા કોઠામડીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

અહીં સ્થાપિત મેઘાણી-પ્રતિમાને પૂ. મોરારિબાપુએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી-સાહિત્ય કોર્નર અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી બાળ પુસ્તકાલયને રસપૂર્વક નિહાળીને રાજીપો વ્યકત કર્યો હતો. ૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ઈંગ્લેન્ડ જઈ રહેલા મહાત્મા ગાંધીની મનોવ્યથાનું સચોટ નિરૂપણ કરતું ઝવેરચંદ મેઘાણી રચિત અમર કાવ્ય છેલ્લો કટોરોનું પૂ. મોરારિબાપુએ હ્રદયસ્પર્શી આચમન કર્યું ત્યારે અનેકની આંખો આંસુભીની થઈ ગઈ હતી. ઐતિહાસિક સ્મૃતિ-સ્થળને જીવંત રાખવા બદલ પિનાકી મેઘાણીને અભિનંદન આપ્યા હતા. જ્યાંથી ૧૯૦૧માં ઝવેરચંદ મેઘાણીએ શાળા-શિક્ષણનો આરંભ કર્યો હતો તે રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તે સમયની આ ઐતિહાસિક તાલુકા શાળાનો ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત સુયોગ્ય રીતે જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે જે ખાસ ઉલ્લેખનીય છે.

# રેશનકાર્ડ ઈ-કેવાયસીના નામે લોકોને લાઈનમાં ઊભા રાખવાનું ભાજપ સરકાર બંધ કરે : શ્રી મનીષ ભંડેરી

## અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી મનીષ ભંડેરીએ રોષ વ્યક્ત કર્યો



અમરેલી,

ગુજરાત રાજયમાં ભાજપના રાજમાં ગુજરાતના લોકો લાઈનમાં ઊભા રહેવામાથી જ નવરા થતા નથી, રોજ દિવસ ઉગેને ભાજપની સરકાર નવો ફતવો લાવીને લોકોને લાઈનમાં ઊભા રાખવાનું કામ કરી રહ્યા છે, રોજબરોજ લાઈનમાં ઊભા રહેવાનું હોવાથી લોકો પોતાનો કામ ધંધો પણ કરી શકતા નથી, તાજેતરમાં જ ગુજરાતની ભાજપ સરકાર દ્વારા રેશનકાર્ડ ઈ-કેવાયસી કરવા માટે લોકોને લાઈનમાં ઊભા રાખી દીધા છે, લોકો રેશનકાર્ડ ઈ-કેવાયસી કરવા માટે પોતાના પરિવાર સાથે ગ્રામ પંચાયતમાં વીસીઈ પાસે જાય અથવા તો જનસેવા કેન્દ્રમાં જાય તો મોટી-મોટી લાઈનમાં કલાકો સુધી અને તરસ્યા ઉભું રહેવું પડે છે અને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં પણ સર્વર ડાઉનના લીધે રેશનકાર્ડ ઈ-કેવાયસી થતું નથી, પરિણામે લોકોને પોતાના પરિવાર સાથે કામ ધંધા પડતા મૂકીને બીજા દિવસે ધરમનો ધક્કો ખાવો પડે છે, ગામડાના ગરીબ માણસોને બબ્બે દિવસ સુધી પોતાની મજૂરીકામનો રોજ પાડીને રેશનકાર્ડ કેવાયસી માટે લાઈનોમાં ઊભું રહેવું પડે છે અને ધરમના ધક્કા ખાવા પડે છે, હાલમાં સમગ્ર ગુજરાત રાજયમાં ખેડૂતોને શિયાળુ પાક વાવેતરનો સમય હોય ત્યારે જ રેશનકાર્ડ ઈ-કેવાયસી કરવા માટે ખેતી કામ પડતું મૂકીને બબ્બે દિવસ સુધી ભૂખ્યા અને તરસ્યા કલાકો સુધી લાઈનોમાં ઊભું રહેવું પડે છે અને બીજી શિયાળુ પાક જેવા કે ઘઉં, ચણા, વગેરેનું વાવેતર કરવા માટે પાયાનું ખાતર DAP તથા NPK ખેડૂતોને મળતું નથી અને જો અનાયાસે ખેડૂતોને ખાતર મળી જાય તો ત્યાં પણ મસ મોટી લાઈનોમાં ખેડૂતોને ઉભું રહેવું પડે છે, તો આમાં ખેડૂતોને ખાતર લેવા માટે લાઈનમાં ઊભું રહેવું? કે રેશનકાર્ડ ઈ-કેવાયસી કરવા લાઈનમાં ઉભું રહેવું?, એક બાજુ ભાજપ સરકાર ગુજરાત રાજ્યમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની વાતોના બણગા ફૂંકે છે અને બીજી બાજુ સરકારી શિક્ષકો પાસે રેશનકાર્ડ ઈ-કેવાયસીનું કામ કરાવે છે, તો આમાં શિક્ષણની ગુણવત્તા ક્યાંથી જળવાય? છેલ્લા એક મહિના કરતાં વધારે સમયથી સરકારી શિક્ષકો રેશનકાર્ડ ઈ-કેવાયસીની કામગીરીમાં વ્યસ્ત છે, તો કલાસરૂમમાં વિદ્યાર્થીઓને ક્યારે આપતા હશે? આમ ગુજરાતની જનતાને ગુમરાહ કરવાનું કામ અને તેના બાળકોનું શિક્ષણ બગાડવાનું કામ ભાજપની સરકાર કરી રહી છે, માટે ગુજરાતની ભાજપ સરકાર ગુજરાતની જનતાને લાઈનમાં ઊભા રાખવાનું કામ બંધ કરે તેવી ટકોર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કરી છે.

# બાબરામાં શ્રી લાલબાપાનાં જન્મસ્થળને માં કાશી બા ધામ આશ્રમના નામથી ખુલ્લુ મુકાયું

## શહેરના કાકરીયા ચોરા વિસ્તારમાં આશ્રમનું ભવ્ય નિર્માણ થયેલુ



બાબરા, (દિપક કનૈયા)

બાબરા કાંકરિયા ચોર વિસ્તાર માં નવ નિર્માણ પામેલ મહાન સંત શ્રી લાલ બાપા નું જન્મ સ્થળ ને 'માં કાશી બા ધામ આશ્રમ' નાં નામ થી તા. ૦૪/૧૨/૨૦૨૪ બુધવાર નાં રોજ ખુલ્લું મૂકવામાં આવનાર છે. તારીખ ૦૩/૧૨/૨૦૨૪ ને મંગળવાર નાં રોજ પુજ્ય લલાબાપા ની મૂર્તિ ને જલાધિવાસ, ધન્યાધિવાસ, શૈયાધિવાસ, નીવિધિ અને સાંજે ભોજન પ્રસાદ અને રાત્રી ના સંતવાણી નો કાર્યક્રમ રાખેલ છે નામી અનામી કલાકારો દ્વારા સંતવાણી રજૂ કરશે

તારીખ ૦૪/૧૨/૨૦૨૪ ને બુધવાર નાં રોજ સવારે યજ્ઞ પ્રારંભ અને સવારે ૧૧ વાગ્યે પૂજ્ય લાલ બાપા ની મૂર્તિની પ્રતિષ્ઠા પ્રખર રામાયણી કથાકાર પૂજ્ય મોરારી બાપુ ના વરદ હસ્તે કરવામાં આવશે આ તકે સૌરાષ્ટ્ર ગુજરાત માંથી નામી અનામી સંતો મહંતો મહામંડલેશ્વરો, ભક્તો હાજર રહેનાર છે અને બપોરે ૧૨.૩૦ યજ્ઞ ની પૂર્ણાહુતિ થશે. આ પાવન પ્રસંગે બાબરા ગામ અને આજુબાજુના ગામો નાં વિસ્તાર નાં અને પુજ્ય લાલ બાપા નાં સેવકો બહોળી સંખ્યામાં આ મહોત્સવ નો લાભ લેવા પુજ્ય લાલ બાપા નું પ્રેરણા ધામ આશ્રમ જૂનાગઢ નાં વર્તમાન મહંત લાલજી મહારાજ સહ હ્રદય આમંત્રણ પાઠવેલ છે.

### એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે

# નેટ ઝીરો લક્ષ્યાંક હાંસલ કરવા કિલનમેકસ સાથે ભાગીદારી કરી

## એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ પોર્ટ ઉદ્યોગમાં ઉભરી આવ્યું

રાજુલા, (કનુભાઈ વરૂ)

પશ્ચિમ ભારતમાં અગ્રણી ગેટવે પોર્ટ્સ પૈકીની એક એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ (ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ) કોમર્શિયલ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ (સીએન્ડઆઈ) સેક્ટરની એશિયાની અગ્રણી રિન્યૂએબલ એનર્જી પ્રોવાઈડર્સ પૈકીની એક તથા બ્રૂકફિલ્ડ સમર્થિત કંપની ક્લિનમેક્સ સાથે ભાગીદારીની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે. આ ભાગીદારી તેની કાર્બન ફૂટપ્રિન્ટ્સ ઘટાડીને ટકાઉપણા તરફ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. આ બંને કંપનીઓએ ગુજરાતમાં હાઈબ્રિડ વિન્ડ-સોલર પાવર પ્રોજેક્ટ માટે ૨૫ વર્ષનો પાવર પરચેઝ અગ્રીમેન્ટ (પીપીએ) કર્યો છે. આ વ્યૂહાત્મક જોડાણ વર્ષ ૨૦૪૦ સુધીમાં ફુલ નેટ-ઝીરો સ્ટેટસ હાંસલ કરવા માટે તેની ઉદ્યોગ અગ્રણી પ્રતિબદ્ધતા પૂર્ણ કરવા માટે તથા વર્ષ ૨૦૩૦ સુધીમાં તેના સ્કોપ ૧ અને સ્કોપ ૨ ઉત્સર્જનો ૬૫ ટકા ઘટાડીને ૨૦૨૨ના સ્તરે લઈ જવા માટે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના મિશનને રજૂ કરે છે. ક્લિનમેક્સ સાથેનું જોડાણ સુનિશ્ચિત કરે છે કે અમે ન કેવળ અમારા પુનઃવપરાશી ઊર્જા લક્ષ્યાંકોને હાંસલ કરી રહ્યા છીએ પરંતુ ભારતના બહોળા પર્યાવરણીય લક્ષ્યાંકોમાં અર્થપૂર્ણ રીતે પ્રદાન પણ આપી રહ્યા છીએ. વર્ષ ૨૦૪૦ સુધીમાં સંપૂર્ણ નેટ-ઝીરો સ્ટેટસ હાંસલ કરવાની અમારી પ્રતિબદ્ધતામાં આ વધુ ઉમેરો કરે છે. ક્લિનમેક્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કુલદીપ જૈને જણાવ્યું હતું કે ભારતની મેરિટાઈમ ઈન્ડસ્ટ્રી આર્થિક વૃદ્ધિ, વેપાર અને નોકરીઓના સર્જનને આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ભાગીદારી તેની મુખ્ય કામગીરીમાં ટકાઉપણાને સામેલ કરવામાં અને ભારતના રિન્યૂએબલ એનર્જી એજન્ડાને આગળ ધપાવવામાં એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની લીડરશિપ દર્શાવે છે. ક્લિનમેક્સ સાથે ભાગીદારી કરીને એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ સમગ્ર દેશના અન્ય પોર્ટ્સ તથા ઉદ્યોગો માટે સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય તરફની સફરમાં આગળ વધવાનું એક મજબૂત ઉદાહરણ સ્થાપે છે. આ સહયોગ દર્શાવે છે કે મેરિટાઈમ ઉદ્યોગ કેવી રીતે ક્લાઈમેટ ચેન્જ સામે લડવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# દેવભુમિ દ્વારકામાં યાત્રા મહોત્સવ યોજાયો

## વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં દેશવિદેશના વૈષ્ણવો ઉમટી પડય



ઉના, (નિરવ ગઢીયા) પ્રેરક શ્રી કૃષ્ણકુમારજી મહોદય શ્રી (કડી - અમદાવાદ -જેતપુર) ની અધ્યક્ષ શ્રી આશ્રયકુમારજી મહોદય શ્રી (કડી-અમદાવાદ- જેતપુર) દ્વારા દ્વારકા યાત્રા મહોત્સવ યોજાયો હતો જે દ્વારકામાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજમાં યાત્રાનો મુકામ થયો હતો ૨૨, ૨૩, ૨૪-૨૦૨૪ નવેમ્બર ત્રિદિવસીય યાત્રા કાર્યક્રમ માં ૨૨ નવેમ્બરે બરડીયા ગુસાઈજી બેઠકજી ઝારી ચરણ સ્પર્શ, નંદ મહોત્સવ, પલના મહોત્સવ, સ્વાગત સભા, રાત્રે મુકામ પર ક્રિષ્ના લીલા થયેલ હતી ૨૩ નવેમ્બર દ્વારકા ધ્વજા જી શોભાયાત્રા એવમ દ્વારકાધીશ પ્રભુ મનોરથ, બેટ દ્વારકા ધ્વજા જી શોભાયાત્રા એવમ દ્વારકાધીશ પ્રભુ મનોરથ, શ્રી મહાપ્રભુજી બેઠકજી દ્વારકા ઝારી ચરણ સ્પર્શ અને છાક મનોરથ, રાત્રે મુકામ પર હાલારી રાસનું આયોજન થયું હતું ૨૪ નવેમ્બરે મૂળ ગોમટા બેઠકજી, ગુર્ગઢ બેઠકજી ત્યાં આંબા મનોરથ એવમ પ્રવચન સભા અને પિંડતારા બેઠકજી નું આયોજન ખુબ સરસ થયેલું હતું. યાત્રામાં દ્વારકામાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજમાં યાત્રાનો મુકામ થયો હતો.

# ગોંડલ ભુવનેશ્વરી પીઠ દ્વારા શ્રી જેબલીયાનું સન્માન



બોટાદ,

બોટાદ ના બહુમુખી પ્રતિમાં ધરાવતા અનેક સામાજિક ધાર્મિક રાજકીય સ્સથા સંગઠનો સાથે જોડાયેલા ગૌરક્ષક સામતભાઈ જેબલીયા આજે વિશ્વ વિખ્યાત ગોંડલ ની ભુવનેશ્વર પીઠ મંદિરે દર્શને જતાં ભુવનેશ્વર પીઠ મંદિર ના મહંતશ્રી પરમ પૂજ્ય આચાર્યશ્રી ઘનશ્યામ મહારાજ દ્વારા બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ને માશ્રી ભુવનેશ્વરી માતાજીનો ફોટો દેવયાણ ગ્નથ( પુસ્તક) અને કા, મા, અશ્વ મંડળી નુ પુસ્તક તથા પ્રસાદી નુ બોક્સ અપેણ કરી આશીર્વાદ સાથે સન્માન કરેલ આ ભુવનેશ્વરી પીઠ ના મહંતશ્રી ઘનશ્યામજી મહારાજ શ્રી ગુજરાત કાઠીયાવાડી મારવાડી અશ્વ મંડળી ના ચેરમેન પણ છે અને રાજપૂત ક્ષત્રિય સમાજ કાઠી દરબાર સમાજ ના ચાહક છે એટલે સામતભાઈ જેબલીયા પણ કા, મા, અશ્વ મંડળી ના કારોબારી મેમ્બર હોય તેથી સામતભાઈ જેબલીયા દ્વારા મહંતશ્રી ઘનશ્યામજી પ, પુ, આચાર્યશ્રી ને રજવાડી કેસરિયો સાફો બાંધી શક્તિ રૂપેણ રજવાડી તલવાર અપેણ કરી રજવાડી ઠાઠથી વિષેસ સન્માન કરી મહંતશ્રી ના અંતરના આશીર્વાદ પ્રાપ્ત કરેલ તેમ બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ની યાદીમાં જણાવાયું છે.

# હિન્દુસ્તાન પેન્સિલ બાળ દિવસ પર ૧૦,૦૦૦ થી વધુ પછાત વર્ગના બાળકો માટે ખુશી લાવ્યું



અમદાવાદ, (રાજેશ મહેતા)

બાળ દિવસની ઉજવણીમાં, ભારતના સ્ટેશનરી ઉદ્યોગમાં અગ્રણી હિન્દુસ્તાન પેન્સિલે એક પહેલ શરૂ કરી, જેણે દેશભરમાં ૧૦,૦૦૦ થી વધુ પછાત બાળકોના જીવન પર અસર કરી હતી. આ અભિયાન દ્વારા, કંપનીએ શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા અને યુવાનોમાં ઉત્સાહ લાવવા માટે આવશ્યક સ્ટેશનરી પુરવઠો પૂરો પાડ્યો હતો અને આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. શિક્ષણને સમર્થન અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે હિન્દુસ્તાન પેન્સિલની પ્રતિબદ્ધતા આ પહેલના હાર્દમાં રહેલી છે. હિન્દુસ્તાન પેન્સિલના અધ્યક્ષ પ્રદીપ ઉગડેએ જણાવ્યું હતું, 'અમારું માનવું છે કે દરેક બાળકને મોટા સપના જોવાની તક મળવી જોઈએ, પછી ભલે તેના સંજોગો ગમે તે હોય.' 'શૈક્ષણિક સાધનોની વહેંચણી કરીને અને આ બાળકો સાથે જોડાઈને, અમે તેમની સંભવિતતાને પ્રજ્વલિત કરવાની અને તેમનો આત્મવિશ્વાસ વધારવાની આશા રાખીએ છીએ.' તેમનો ઉત્સાહ અમને પ્રેરણા આપે છે અને બદલામાં કંઈક આપવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આ પહેલના ભાગરૂપે, કંપનીની ટીમે બાળકો માટે મનોરંજક અને અસરકારક અનુભવ કરવાના હેતુથી ઈન્ટરેક્ટિવ સેશન્સ, ક્રિએટિવ વર્કશોપ અને ગેમ્સનું આયોજન કર્યું હતું. સ્થાનિક શાળાઓ અને સામુદાયિક સંગઠનો સાથે જોડાણ કરીને, હિન્દુસ્તાન પેન્સિલે સુનિશ્ચિત કર્યું કે આ પહેલ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને સમગ્ર ભારતના સમુદાયો સાથે કાયમી સંબંધો વિકસાવે. બાળ દિવસના આ પ્રયત્ન સાથે, હિન્દુસ્તાન પેન્સિલ યુવાઓના હ્રદયમાં આશા અને સ્થિતિસ્થાપકતાનો ઉદ્દેશ્ય રાખે છે. કંપની તમામ ભાગીદારો, સ્વયંસેવકો અને ટેકેદારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરે છે, જેમના યોગદાનથી આ કાર્યને સાકાર કરવામાં મદદ મળી છે. હિન્દુસ્તાન પેન્સિલ શિક્ષણ દ્વારા બાળકોને સશક્ત બનાવવાના તેના ઉદ્દેશ્ય પર મક્કમ છે અને ભવિષ્યમાં તેના પ્રયત્નોને વિસ્તૃત કરવા માટે ઉત્સુક છે.'

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# વેરાવળમાં સંવિધાન દિવસની ઉજવણી કરાઇ

## ક્રિસ્ટલ સ્કુલ ખાતે બંધારણના આમુખનું વાંચન કરાયું




ગીર સોમનાથ,

ડાયરેક્ટરેટ ઓફ પ્રોસિક્યુશન, ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી દ્વારા આજે ૭૫ માં બંધારણ દિવસની ઉજવણી વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે કરવામાં આવી હતી. બંધારણ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં બંધારણના આમુખનું સૌએ વાંચન કર્યું હતું. કાયદાના તજજ્ઞો દ્વારા બંધારણ અને તેના સિધ્ધાંતો, નાગરિકના મૂળભૂત અધિકારો અને ફરજો અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી પી.એસ.ગઢવીએ ભારતના બંધારણના પાયાના સિધ્ધાંતોને સ્તંભ ટકાવી રાખવા તેમજ સમાજ ઘડતર માટે બંધારણની જરુરિયાત વિશે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે વાણી-સ્વતંત્રતા સહિતના મૌલિક અધિકારો વિશે પણ વાત કરી હતી. વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે યોજાયેલ 'બંધારણ દિવસ'ની ઉજવણીના અવસરે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ શ્રી સુકાન્તકુમાર સેનાપતિએ અધ્યક્ષીય સંબોધન કરતાં જણાવ્યું હતું કે, બંધારણના ઘડવૈયા શ્રી ડો.બી.આર.આંબેડકર અને તે સમયના કાનૂનવીદોએ અનેક દેશોના બંધારણનો અભ્યાસ કરીને વિશ્વનું સૌથી મોટું અને લેખિત બંધારણ બનાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, ઉત્કૃષ્ટ એવું આ બંધારણ દેશના તમામ નાગરિકોને સમાન અધિકાર આપે છે. દેશના નાગરિકો વચ્ચે સમાનતા, બંધુતા જળવાઈ રહે તેની સાથે ભારતીય સંસ્કૃતિ પણ આગળ વધતી રહે તેનો ખ્યાલ તેમાં રાખવામાં આવ્યો છે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

### જશવંત મહેતા ફાઉન્ડેશન દ્વારા

# મહુવાના કુંભણમાં ફરાળી વાનગીનો વર્કશોપ યોજાયો

## ૨૩૦ બહેનોએ ફરાળી વાનગી વર્કશોપમાં ભાગ લીધો : માર્ગદર્શન અપાયું



મહુવા, સહયોગ પિડીલાઈટ, ગ્રામ નિર્માણ સમાજ અને જસવંત મહેતા ફાઉન્ડેશન દ્વારા કુંભણ સરકારી હાઈસ્કૂલ ખાતે ફરાળી વકેશોપ યોજાયો. પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કુંભણ સરકારી હાઈસ્કૂલ ખાતે ફરાળી વાનગી વકેશોપનું આયોજન કરવામાં આવેલ જેમાં ૨૩૦, વિધાર્થી ભાઈઓ-બહેનો ભાગ લઈ વિવિધ ફરાળી વાનગીઓ બનાવતાં શિખ્યા હતા. આ વકેશોપ માં મિનાબેન સાંકળીયા તેમજ હેતલબેન સાંકળીયા દ્વારા ફરાળી ચટપટી (ફરાળી ભેળ) ઈન્સ્ટન્ટ શિંગ, ખજૂરના લાડું, વિગેરે વાનગીઓ લાઈવ બનાવી થિયરિકલ તેમજ પ્રેકટીકલ રીતે વિગતવાર શિખવાડવામાં આવેલ હતી. આ કાયેક્રમમાં શાળાના આચાર્ય શ્રી તથા શિક્ષક ભાઈઓ-બહેનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી ઈસ્માઈલભાઈ કલાણીયા એ વકેશોપ માં ભાગ લેવા બદલ સર્વોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાયેક્રમનું આયોજન તેમજ વ્યવસ્થા મિનાબેન સાંકળીયા તેમજ હેતલબેન સાંકળીયા એ કરી હતી.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ જિલ્લાના વિવિધ એકમોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત

## ગુનાઓ શોધવાની તપાસ માટે સીસી કેમેરા ઉપયોગી બની શકે

જૂનાગઢ,

અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબંધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતાઓ ભવિષ્યમાં રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાને અવર-જવર રહે છે. તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરીને ફોજદારી મ્શજીજી, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહો, વિશ્રામ ગૃહો, રિસોર્ટ, ફાર્મહાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલપંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગ મોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન કલાસીસ, યુનિવર્સિટિ, શાળા-કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ ૩૦ માટે સાચવવાનો રહેશે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# ભુજમાં દિનદયાલ પોર્ટ દ્વારા ૧૪ લાખની સહાય

ભુજ, માતૃભૂમિના રક્ષણ કાજે શહીદ થતા પોતાના ધૈર્ય અને સાહસથી ભારત દેશને અખંડીત રાખતા શૂરવીર જવાનો અને તેઓના પરિવારજનો પ્રતિ સન્માનની લાગણી પ્રદર્શિત કરવા અને કલ્યાણકારી પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે દીનદયાલ પોર્ટ ઓથોરીટી, ગાંધીધામ તરફથી રૂ. ૧૪ લાખનો ચેક સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળામાં તાજેતરમાં અર્પણ કરવામાં આવ્યો હતો. ગત વર્ષે પણ રૂ. ૧૨ લાખની માતબર સહાય આ ફંડમાં પોર્ટ દ્વારા આપવામાં આવી હતી. તેઓના આ નિરંતર સહયોગને બિરદાવવા આ પ્રસંગે કચ્છ કલેક્ટરશ્રી અમિત અરોરા તથા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ અધિકારીશ્રી એચ.એન. લીમ્બાચીયાએ ટ્રોફી આપી સન્માન સાથે આભાર વ્યકત કર્યો હતો. ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લાના તમામ નાગરિકોને સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળા માટે યથાયોગ્ય સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. નાગરિકો સૈનિક કલ્યાણ માટે ફાળો જિલ્લાની સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ કચેરી (ફોન-૦૨૮૩૨-૨૨૧૦૮૫) રૂમ નં.૧૧૪, બહુમાળી ભવન, ભુજ ખાતે રૂબરૂમાં રોકડ, ચેક, અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ, કલેક્ટર અને પ્રમુખશ્રી, આર્મ્ડ ફોર્સિસ ફ્લેગ ડે ફંડ એકાઉન્ટ, ભુજના નામનો બનાવી જિલ્લાની સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ કચેરી ખાતે જમા કરાવી શકશે તેમ મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનવર્સવાટ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૨૭-૧૧-૨૦૨૪ બુધવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

### પરજીયા સોની સમાજનું વધુ એક ગૌરવ : સ્ટેટ હાઉસ મોરેસ્યિસ ખાતે

# મોરેશિયસના કેબીનેટમંત્રી પદે શપથ લેતાં શ્રી રાજેશ સતીકુંવર

**નવી કેબિનેટની રચના થતાં મોરેશિયસના પર્યાવરણ, ઘન કચરો અને આબુહવા પરિવર્તનના વરિષ્ઠ કેબિનેટ મંત્રી તરીકે શ્રી રાજેશ ભગવાન(સતીકુંવર)ની વરણી થતાં શપથ લીધા**

**વિશ્વભરના પટ્ટણી સમુદાય વતી પટ્ટણી વર્લ્ડ શ્રી રાજેશ ભગવાન (સતીકુંવર)ને તેમના અસાધારણ નેતૃત્વ માટે અભિનંદન પાઠવી આવકાર્યા : સાર્વત્રિક આવકાર સાથે ખુશી વ્યાપી ગઇ**



અમરેલી, મોરેશિયસમાં ચૂંટણીના અંતે સરકારની રચના થતાં ૨૨ નવેમ્બર ૨૦૨૪નારોજમોરેશિયસનીસરકારમાં સ્ટેટ હાઉસ ખાતે મળેલી બેઠકમાં પર્યાવરણ, ઘન કચરો અને આબુહવા પરિવર્તન વિભાગના વરિષ્ઠ કેબિનેટ મંત્રી તરીકે શ્રી રાજેશ ભગવાન (સતીકુંવર)એશપથલીધાહતાં. કેબીનેટ મંત્રી તરીકેના શપથ વિધી સમારોહમાં તેમના પરિવારના સભ્યો, મહાનુભાવો અનેઅન્યમુખ્યઅધિકારીઓએહાજરી આપી હતી, તેનું એક મહત્વપુર્ણ પ્રસંગ બનાવે છે. અગ્રણી વ્યકિત તરીકે તેમની નિમણુંકઅનેકપડકારોનેપહોંચીવળવા માટેસરકારનાચાલુપ્રયાસોમાંનોંધપાત્ર યોગદાન છે. તેમના પરિવાર અને પ્રતિષ્ઠીત મહેમાનોની હાજરી જે તેમની રાજકીય સફરમાં એક મહત્વપુર્ણ સીમા ચિન્હરૂપ હતુ. વિશ્વભરના પટ્ટણી સમુદાય વતી પટ્ટણી વર્લ્ડ શ્રી રાજેશ ભગવાન (સતીકુંવર)ને તેમના અસાધારણ નેતૃત્વ માટે સર્વેએ અભિનંદન પાઠવ્યા છે. શ્રી રાજેશ ભગવાન (સતીકુંવર)નીનિમણુંકસર્વત્ર આવકાર સાથે અભિનંદનની વર્ષા થઇ રહી છે.

## ધારીના દલખાણીયા ગીરમાં શ્રી મેલડી માતાના માંડવામાં ધારાસભ્યશ્રી કાકડીયાની ઉપસ્થિતિ

**શ્રી મેહુલભાઇ ધોરાજીયા, શ્રી અશ્વિનભાઇ કુંજડીયા સહિતની ઉપસ્થિતિ**



દલખાણીયા, દલખાણીયા ગામ સમસ્ત આયોજિત ઝાપાવાલા મેલડી માતાજીના માંડવામાં હાજરી આપતા ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, માર્કેટીંગ યાર્ડ વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ, માજી તાલુકા પંચાયત સદસ્ય અરવિંદભાઈ માલણીયા, બટુકભાઈ સોલંકી, સુરેશભાઈ ધોરાજીયા, રાહુલભાઈ ધોરાજીયા, માજી સરપંચ મગનભાઈ ગુજરવડિયા તેમજ ગ્રામજનોએ હાજર રહ્યા હતાં.

## ધારીમાં ઇ-કેવાયસી કેમ્પ યોજાયો

**ધારાસભ્યશ્રી કાકડીયાની સુચનાથી આયોજન**



ધારી, આજે ઈ કેવાયસી યોજનાનો વિનામૂલ્યે કેમ્પ ધારાસભ્યશ્રી જે. વી. કાકડિયાની સૂચનાથી આયોજન કરવામાં આવેલ જેમાં ૨૦૦થી વધારે પરિવારોદ્વારા આયોજનાનો લાભ લેવામાં આવેલ સવારે ૯ વાગ્યાં થી રાત્રીના ૧૨ સુધી આ કેમ્પ શરૂ રાખવામાં આવેલ છે જેનાથી મજૂરી કામે જતા લોકો પોતાની મજૂરી પડ્યા વગર રાત્રીના સમયે પણ ઈ કેવાયસી કરી શકે છે કેવાયસી કરવા માટે માર્કેટિંગ યાર્ડ દુકાન નં. ૮ જીલ્લા કિશાન મોરચા મહામંત્રી કાર્યાલય ધારીનો સંપર્ક કરવો.

## બગસરામાં મતદાન જાગૃતિ માટે વ્યાખ્યાન સાથે એનસીસી દિવસની ઉજવણી કરાઇ

**મેઘાણી હાઇસ્કુલ ખાતે વ્યાખ્યાનમાં ડો. કામળીયાનું માર્ગદર્શન**



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા, ૨૪ નવેમ્બર-૨૦૨૪ એનસીસી દિવસ નિમિત્તે, ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ દ્વારા એનસીસી કેડેટ્સમાં મતદાનના મહત્વ વિશે અને આરોગ્યની જાળવણી બાબત જાગૃતિ લાવવા માટે એક જ્ઞાનપ્રદ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બગસરા ના મામલતદાર શ્રી પ્રશાંત ભીંડી અને બગસરાના સેવાભાવી અને નિષ્ણાત ડો.કામળીયા દ્વારા કેડેટ્સને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય કેડેટ્સમાં જવાબદારી અને સક્રિય નાગરિકતાની ભાવના કેળવવાનો હતો. નિષ્ણાત વક્તાએ લોકશાહીને મજબૂત કરવામાં મતદાનની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને વિદ્યાર્થીઓને એકવાર મતદાન પાત્ર થયા પછી ચૂંટણી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં રાષ્ટ્રભવના મૂલ્ય પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને કેડેટ્સને તેમના સમુદાયોમાં મતદાર જાગૃતિ માટે હિમાયતી બનવા માટે પ્રેરિત કર્યા હતા. આ પહેલ સમાજમાં સકારાત્મક યોગદાન આપનારા જવાબદાર ભાવિ નાગરિકોને પોતાના માં રાષ્ટ્રને સમર્પિત થવા માટે શાળા માંથી આવી સહ અભ્યાસક પ્રવૃત્તિ ઉપયોગી સાબિત થાય છે આ સાથે ડો.કામળીયા સાહબે હેલ્થ અને ભોજન પ્રણાલી અને કેન્સર જેવા રોગો અંગે મારદર્શન આપેલ હતું એ કાર્યક્રમ માં શાળા ના એન.સી.સી. ઓફિસરશ્રી ઓ કેડેટ્સ વિધાર્થીઓ અને સ્ટાફ એ સક્રિય રહી ને સફળ બનાવ્યો એ માટે શાળાના આચાર્ય વી.કે.જેઠવા સૌને અભિનંદન પાઠવે છે.

## રાજુલા તાલુકા કોંગ્રેસ સોશ્યલ મિડીયાનાં પ્રમુખ તરીકે બિપીનભાઇ બારૈયાની વરણી

**શ્રી બારૈયાની નિમણુંકને સાર્વત્રિક આવકાર**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકા કોંગ્રેસ સોશિયલ મીડિયાના પ્રમુખ તરીકે યુવા કોળી સમાજના ઉત્સાહી યુવાન શ્રી બીપીનભાઈ એમ બારૈયા દીપડીયા વાળાની નિમણૂક કરવામાં આવેલ છે અને આ નિમણૂકને કોંગ્રેસના આગેવાનોએ આવકારેલી છે.

### ટોરેન્ટ ગૃપના યુ. એન. એફ ફાઉન્ડેશન આયોજિત

## અભિવ્યક્તિની છટ્ઠી આવૃત્તિ દ્વારા દર્શકોને આત્મવિભોર કરતી નવીન પ્રસ્તુતિઓ



અમદાવાદ, (રાજેશ મહેતા)

ટોરેન્ટ ગૃપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન. એમ ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યકિત ધ સિટી આર્ટસ પ્રોજેકટની છઠ્ઠી આવૃતિમાં મંચ ઉપર મંગળવારે દર્શકોને મંત્રમુગ્ધ કરી દેતી પ્રસ્તુતિઓની શ્રેણી સાથે સપ્તાહનો શાનદાર પ્રારંભ થયો. ગત સપ્તાહના અંતમાં દર્શકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મેળવી, અભિવ્યકિતઓ પોતાની વૈવિધ્યસભર અને વાઈબ્રન્ટ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે ઉપસ્થિત દર્શકોનું મન મોહી લેવાનો સીલસિલો યથાવત રાખ્યો હતો. મંગળવારના કાર્યક્રમમાં રજુ થયેલ વૈવિધ્યસભર પ્રસ્તુતિઓએ દર્શકોએ મંત્રમુગ્ધ કરી દીધા હતાં. સાંજનો પ્રારંભ એક ભાવપૂર્ણ કવ્વાલીની પ્રસ્તુતિ સાથે થઇ હતી. જેનાથી આધ્યાત્મિક અને ઉત્સાહપૂર્વક માહોલ તૈયાર થયો. ત્યાર બાદ એક નવીન ઈન્ડો-વેસ્ટર્ન કલાસિકલ ફયુઝન સંગીત અને નૃત્ય પ્રસ્તુતિ રજુ થઇ, જેમાં પરંપરાગત અને સમકાલીક તત્વોનો કલાત્મકતાલમેળ જોવા મળ્યો. જૈમીન વૈધ્યએ પોતાની સંગીમય પ્રસ્તુતિ મહેફિલ એ સમા રજુ કરી હતી. ત્યાર બાદ ગતિશીલ વેકીંગ સ્ટ્રીટ નૃત્ય પ્રસ્તુતિએ વાતાવરણમાં ઉર્જાના સંચાર કરવાની સાથે કાર્યક્રમને એક નવો આધુનિક ટચ આપ્યો. અમદાવાદ સ્થિત શ્રી લક્ષ્મીએ સંગીમય નૃત્ય પ્રસ્તુતિ આઈએમએ ડિસ્કો ડાન્સર રજુ કરીને પ્રત્યેક વ્યકિતના મનમાં રહેલ મુકત અભિવ્યકિતના વિચારને વાચા આપી. પુણેથી આવેલ શાસ્ત્રીય ગાયક અમન રાયથાથાએ પોતાની મેઘ શ્યામ પ્રસ્તુતિ રજુ કરી. ચેન્નઈના વાર્તાકાર અને પપેટ કલાકાર કારથીકે ધ વુલ્ફ મેન પ્રસ્તુતિ રજુ કરી હતી. પ્રશિક્ષિત ભારતનાટયમ નૃત્યાંગના ધારા રૂધાનીએ લોક સંગીત સાથે નૃત્યના સમકાલીન સમન્વય સાથેની પોતાની પ્રસ્તુતિ ધાગ સંવાદ રજુ કરી. મંચ પ્રસ્તુતિમાં તારક પટેલ પોતાના અનોખા એફ્રો નૃત્ય પ્રસ્તુતિ અર્બન ડ્રમ્સના માધ્યમથી આફ્રીકાની સમૃધ્ધ સાંસ્કૃતિક પરંપરાને રજુ કરવાની સાથે પોતાની લયબધ્ધ અને મજબુત રજુઆત દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરે છે. દ્રશ્ય કલા સ્થાપન વિભાગમાં મનોનિતા કરારની કલાકૃતિ અબાઉટ લુકિંગ દર્શકોને આત્મનિરીક્ષણની સફર પર ચાલવા પ્રેરીત કરે છે. યશ ગજજર પોતાની વિચાર પ્રેરક કલાકૃતિ કન્સ્ટ્રકશન ડાયનેમિકસ પ્રસ્તુત કરે છે. ચેતન કુરેકરએ પોતાની કલાકૃતિ ફ્રેગમેન્ટસ ઓફ એ લોસ્ટ હોમ પ્રસ્તુત કરી હતી. તા.૨૭ને બુધવારે સંગીત ઈન્ડિયા લોક સંગીત, નૃત્ય, નાટક સહિત કાર્યક્રમ મુન્ના ફલુસર, રાગી ખંભાલ્વી, માનસી મોદી, પ્રિયંકા ઉપાધ્યાય, રૂચા અંજારીયા, ભાગવત પ્રજાપતિ, અન્નયા વૈધ દ્વારા કૃતિઓ રજુ કરાશે.

## સાવરકુંડલામાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળનાં વિદ્યાર્થીની આંતરરાષ્ટ્રિય અંડર-૧૨ બેઝબોલ ટીમમાં પસંદગી કરાઇ

**ઇન્દોરમાં ટ્રેનિંગ બાદ બેઝબોલ સ્પર્ધામાં ટીમ ઇન્ડિયામાં જોડાશે**



સાવરકુંડલા, (સૌરભ દોશી) આંતર રાષ્ટ્રીય અન્ડર ૧૨ બેઝ બોલ ટીમ ઈન્ડિયા માં પસંદગી પામેલ સાવરકુંડલા ગુરૂકુળ નો વિદ્યાર્થી ચુડાસમા અન્ડર-૧૨ એશિયન બેઝબોલ ચેમ્પિયનશિપ ફેડરેશન ઓફ ઈન્ડિયા નાં નેજા હેઠળ તાજેતરમાં જાપાન ના MATSU YAMA અને IMBARI સિટી મા તારીખ ૨૩ થી ૨૯ નવેમ્બર ૨૦૨૪ નારોજ અન્ડર ૧૨ બેઝબોલ સ્પર્ધાનું આયોજન થઈ રહ્યુ છે આ આંતરાષ્ટ્રિય સ્પર્ધામાં આપણા સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાથી ચિ. પરમ ધર્મેશ ભાઈ ચુડાસમા જે ટીમ ઈન્ડિયા માં પસંદગી પામેલ છે અને તેઓ આ આંતર રાષ્ટ્રિય સ્પર્ધામાં ભાગ લેવા ગયેલ છે . જેઓએ ઈન્દોર મુકામે ટ્રેનીંગ લેવા ગયેલા ત્યાંથી તે તારીખ ૧૯ નવેમ્બર ૨૦૨૪ નારોજ જાપાન ગયેલ છે હાલ જાપાન માં ભારતીય ટીમ તરફથી તેઓ સ્પર્ધામાં સામેલ થયેલ છે જે માત્ર ગુરૂકુળ નું ગૌરવ નહી પરંતુ સાવરકુંડલા નું ગૌરવ વધારેલ છે. ચિ. પરમ ધર્મેશભાઈ ચુડાસમા ની આ યાત્રા મંગળ મય રહે અને આ સ્પર્ધામાં આપ વિજયી બનો તેવી શ્રી સ્વામિનારાયણ ભગવાન ને પ્રાર્થના. ગુરૂકુળ સંસ્થા ના વડા પૂજ્ય ભગવત પ્રસાદ દાસજી સ્વામી તથા ગુરુકુળ નાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્તસ્વામી, શાળાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ વિવિધ શાળા નાં પ્રિન્સિપાલશ્રી ઓ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ તકે સાવરકુંડલા અને લીલીયા મતવિસ્તારના માનનીય ધારાસભ્ય શ્રી ગુજરાત બેઝબોલ પ્રમુખ મહેશભાઈ કસવાળા બેઝબોલ ફેડરેશન ઓફ ગુજરાતના સેક્રેટરી શ્રી અનિકેતભાઈ ફેડરેશનના હોદેદારશ્રી ઓ અને શાળાના વ્યાયામ શિક્ષકશ્રીઓ વાળા દીપકભાઈ તેમજ ઝાલા દિગ્વિજયસિંહ અભિનંદન પાઠવીએ છીએ.

## સાવરકુંડલાનાં મોટાઝિંઝુડામાં કેવાયસી કેમ્પ યોજાયો

**આધાર કાર્ડ સાથે મોબાઇલ નંબર લીંક કરવા કેમ્પનો અનેક લોકોએ લાભ લીધો**



અમરેલી,

મોટાઝિંઝુડા ગામમાં આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિંક કરવાનો કેમ્પ કરવામાં આવ્યો હતો. છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીને આધારકાર્ડમાં મોબાઈલ નંબર લિંક કરવાની રજૂઆત તેમજ હાલમાં ચાલી રહેલ ખેડુતોની ખેડુત નોંધણી અને રેશનકાર્ડ માં ekyc માં આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર લિંક કરવો ફરજિયાત છે જેથી લોકોને કોઈ અગવડતા ન લોકોને તાલુકા કક્ષા તેમજ અન્ય જગ્યાએ ન જવું પડે તેવા ઉમદા હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં સાવરકુંડલા તેમજ મોટાઝિંઝુડાના પોસ્ટ ઓફિસના અધિકારી દ્વારા આ કેમ્પ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગામના સરપંચ પંકજ ઉનાવા દ્વારા લોકોને આ કેમ્પનો લાભ લેવા જણાવવામાં હતું અને ખૂબ મહેનત કરેલ હતી તેના પરિણામ સ્વરૂપ કેમ્પ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ હતો, સરપંચ પંકજ ઉનાવા દ્વારા પોસ્ટ ઓફિસના અધિકારીનો આભાર વ્યક્ત કરેલ હતો.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ



તા.૨૭-૧૧-૨૦૨૪ બુધવાર



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## દર વર્ષની જેમ આ વર્ષે પણ નૂતન વર્ષ અનુલક્ષીને પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ દ્વારા

# જુનાગઢમાં પરજીયા સોની સમાજનું સ્નેહમિલન યોજાયું

### સ્નેહમિલન સમારોહમાં સ્થાનિક જ્ઞાતિબંધુઓએ સહપરિવાર હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી : સ્નેહમિલનમાં એકબીજાએ શુભકામનાઓ પાઠવી

### લંડન, મુંબઇ, અમદાવાદ, રાજકોટ, કુતિયાણા, જામનગર, કચ્છ, અમરેલી સહિત રાજ્યભરમાંથી પરજીયા સોની સમાજ આગેવાનોની ઉપસ્થિતિ





અમરેલી,

તા.૨૩/૧૧/૨૪નેશનિવારના રોજ (શ્રી લોઢીયા વાડી જુનાગઢ ખાતે સ્નેહ મિલન નો પ્રસંગ ખુબ સરસ રીતે સંપન્ન થયો છે. સ્નેહમિલન સમારંભ ના અધ્યક્ષ જ્ઞાતિપ્રમુખ શ્રી વ્રજલાલભાઈ ધકાણે સર્વે જ્ઞાતિબંધુઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.તથા કાર્યક્રમ ના સંચાલક શ્રી રમણીકભાઈ વસંતભાઈ ચલ્લા એ પોતાના વક્તવ્ય માં સર્વેને નવવર્ષની શુભેચ્છાઓ સાથે આપણા સમાજ માં જ્ઞાતિએકતા તથા પરસ્પર જ્ઞાતિભાવના રાખવા નો ખૂબ સરસ સંદેશ આપ્યો હતો.અને આમંત્રિત સર્વે ભાઈઓ બહેનો નો આભાર વ્યક્ત કર્યો હતો ના સર્વે સ્થાનિક જ્ઞાતિબંધુઓ સહપરિવાર હાજરી આપીને કાર્યક્રમ ની શોભા વધારી હતી. ઉપરાંત લંડન/મુંબઈ/અમદાવાદ/રાજકોટ/કુતિયાણા /જામનગર/સાણથલી/ભાવનગર/કચ્છ ભૂજ /ધારી/પટેલકા/વિસાવદર/મેંદરડા/વેરાવળ /કોડીનાર/અમરેલી/તથા અન્ય શહેરો માંથી આમંત્રિત મહેમાનો સહિત આશરે (૫૦૦) થી વધુ જ્ઞાતિજનો ની હાજરી થી સમગ્ર કાર્યક્રમ મહેંકી ઉઠ્યો હતો.ખુશનુમા વાતાવરણ માં જ્ઞાતિની માતાઓ બહેનો તથા બાળકો ની હાજરી પણ નોંધપાત્ર હતી.સહુએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી.આનંદિત વાતાવરણ માં ખુબ સફળ અને સરસ રીતે કાર્યક્રમ સંપન્ન થયો હતો.કાર્યક્રમ અંતે સહુ જ્ઞાતિજનોએ સાથે બેસીને મીઠા મધુરા ભોજન પણ કર્યા હતા. કાર્યક્રમની સફળતા માટે શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ (જુનાગઢ) ના અગ્રણીઓમાં સર્વશ્રી જ્ઞાતિપ્રમુખ શ્રી વજુભાઈ ધકાણ તથા શ્રી અનુભાઈ પટ્ટણી તેમજ શ્રી ચીમનભાઈ થડેશ્વર,શ્રી હર્ષદભાઈ ધકાણ તથા શ્રી રમણીકભાઈ ચલ્લા તથા શ્રી દિલીપભાઈ લુહાર તથા શ્રી ધાણક તથા શ્રી ઉમેશભાઈ રાઠોડ શ્રીમતી નિર્મળાબેન ધકાણ તથા શ્રીમતી રેખાબેન ધકાણ તેમજ યુવકમંડળ જૂનાગઢ ના પ્રમુખ શ્રી ઉત્તમભાઈ લુહાર,શ્રી ભાસ્કરભાઈ ધોરડા, શ્રી જીગરભાઈ ધકાણ તથા શ્રી સંદીપભાઈ ધોરડા તથા શ્રી ઉપેન્દ્રભાઈ ધકાણ તેમજ સર્વે કાર્યકર્તાભાઈઓ ની મહેનત ને ખુબ ખુબ ધન્યવાદ છે. સમગ્ર પરજીયા સોની સમાજ દરેક ગામ / શહેર માં આવા સમાજલક્ષી કાર્યક્રમો થવા જ જોઈએ.સમાજ માટે નિસ્વાર્થ ભાવે સેવા આપતા સર્વે કાર્યકર્તાભાઈઓ/બહેનોને આપણે સહુએ સાથ સહકાર આપીને સમાજને પ્રગતિ ના પંથે દોરી જવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.સર્વે જ્ઞાતિ બંધુઓને પરજીયા ગૌરવ ગ્રુપ બાપુનગર અમદાવાદ તરફથી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

## સાવરકુંડલા નગરપાલીકા

### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સાવરકુંડલા નગરપાલીકા વિસ્તારમાં આવેલ નાવલી નદી ઉપર રીવર ફ્રન્ટનું કામ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત સરકારશ્રીના માપણી વિભાગ દ્વારા નાવલી નદીની માપણી કરી હદ અંગેના ડીમાર્કેશન કરવામાં આવેલ છે. સદર પ્રોજેકટ અંતર્ગતની નાવલી નદીની જમીનમાં જે કોઈ આસામીઓ દ્વારા કોઈપણ પ્રકારનું બિનઅધિકૃત દબાણ કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ (પંદર) માં દુર કરવા તેમજ ડીમાર્કેશનની વિગતે નાવલી નદી કાંઠે આવેલ મિલ્કતોની માલીકી અંગેના તમામ દસ્તાવેજી આધાર પુરાવાની નકલ (અસલ સાથે રાખવા) સહિતની લેખિત ખુલાસો અત્રેની કચેરીએ રૂબરૂ રજુ કરવા લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે તેમજ નાવલી નદીની જમીનમાં જે કોઈ બિનઅધિકૃત બાંધકામ કે અન્ય કોઈ રીતે જમીનનો કબ્જો કરેલ હોય તો સ્વૈચ્છિક રીતે દુર કરવા આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. સંબંધકર્તા આસામીઓ દ્વારા સમય મર્યાદામાં આધાર પુરાવાઓ રજુ ન થયેથી તા. ૧૬/૧૨/૨૦૨૪ બાદ સદર દબાણ દુર કરી નાવલી નદીની જમીન ખુલ્લી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે અંગેના તમામ જાતના ખર્ચ અને પરીણામની સંપુર્ણ જવાબદારી જે તે દબાણકર્તા આસામીની અંગત રહેશે. જેની ગંભીરતા સાથે જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી. આ જાહેર નોટીસ હાલમાં નામ. ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા સ્પે.સી.એ. નં. ૨૨૮૦/૨૦૦૬ તથા તેને સંલગ્ન મેટરના પીટીશનરોને લાગુ પડતી નથી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ચીફ ઓફીસર,
સાવરકુંડલા નગરપાલીકા

અમરેલીના મહે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં. રૂમ નં.૧૦૧, મુકામ અમરેલી

દિવાની પરચુરણ અરજ નં.૩૪/૨૦૨૪
મુદત તા.૨૩-૧૨-૨૦૨૪
અરજદાર તરફે વિ.વ.શ્રી જે.આર.ગોઠડીયા

અરજદાર :- પીલુકીયા વિલાસબેન દિનેશભાઈ ઉ.વ.૫૩, ધર્મે હિન્દુ, ધંધો ખેતી, રહે. નવાણીયા તા.બાબરા, જી.અમરેલી
વિરૂધ્ધ................સામાવાળા.........

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે અત્રેની અદાલતમાં ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ-૭,૧૦ અન્વયે અરજદારની સગીર પુત્રી પીલુકીયા શ્રુતિબેન દિનેશભાઈ ઉ.વ.૧૬ નું બેંકમાં ખાતુ ખોલાવવા અને તેનુ સંચાલન કરવા માટેના જરૂરી ફોર્મમાં સગીર સંતાન વતી સહી કરવા તથા સગીરના હિતમાં સરકારશ્રીની સગીરોને મળતી સહાયના લાભો સગીરને અપાવવા તથા નવાણીયા ગામે આવેલ ખેતીની જમીનમાં સગીર વતી ખેતીની જમીનની વહેંચણી કરવા અને સગીરના વાલી તરીકેની જરૂરી તમામ કાયદેસરની કાર્યવાહી કરવા સગીરના વાલી તરીકે અરજદારની નિમણુંક કરવા માટે અત્રેની કોર્ટમાં હાલની આ દિવાની પરચુરણ અરજ કરેલ છે. આમ, આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઈને પણ વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુ.તા.૨૩-૧૨-૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦-૪૫ કલાકે હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. આજ તા.૨૫ મી માહે : નવેમ્બર, સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| એચ.ડી.વસાવડા | એચ.ડી.વસાવડા | એમ.એન.મકવાણા |
| સીની.કલાર્ક (સીવીલ) | ઈન્ચા.હેડ કલાર્ક (સીવીલ) | બેન્ચ કલાર્ક, ગ્રેડ-૧ |
| પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, અમરેલી | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, અમરેલી | પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, અમરેલી |

(કોર્ટનો સિક્કો)


☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેકશન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, લુંઠી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
**ઉમિયા ફેશન**
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.





અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯ સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in



આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારો શુભ
Hero GIFT Grand Indian Festival of Trust

Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz



રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી
**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯



ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
**બોનાન્ઝા બેન્કવેટ**
**કલાપી બેન્કવેટ**
**ગુલમહોર ફંકશન હોલ**
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩





Alpha Autolink
Sale Helpline: 99046 49999
Service Helpline: 99045 49999
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)લાઠી રોડ બાયપાસ

